પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૬/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ સુદ-૧ વર્ષ : ૧૬ અંક : ૧૬૭

**સુવિચાર**

સમજણનો સબંધ
એ જ ખરો સેતુ,
બાકી બધા તો રાહુ
અને કેતુ !

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




## ૨૨ જૂને ઉત્સાહભેર મતદાન યોજાયા બાદ ગણતરી શરૂ થતાં

# અમરેલી જિલ્લાની સ્થાનિક ચૂંટણીનાં પરિણામો જાહેર

**જિલ્લામાં કુલ ૮૯ ગ્રામ પંચાયતનાં સરપંચ સહિત સદસ્યોની ચૂંટણીનાં પરિણામો જાહેર**

**સરપંચપદનાં ચૂંટણીનાં પરિણામો અનેક ગામોમાં ચોંકાવનારા જાહેર થયા**

**ભાજપનો સોળે કળાએ સુરજ ખિલ્યો હોય તે સમયે અનેક ગામોમાં ભાજપ પ્રેરિત પેનલનો પરાજય**

**જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણી પરિણામો બાદ ઠેર ઠેર વિજયોત્સવ**






અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાની ગ્રામ પંચાયતો પૈકીની ૮૯ ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન ૨૨ જૂને સંપન્ન થયા બાદ દરેક તાલુકા મથકોએ મત ગણતરી યોજાઈ હતી.

અમરેલી જિલ્લામાં સરપંચ માટે કુલ ૮૯ બેઠકોની ચૂંટણી યોજાઈ હતી અને સરપંચપદની ચૂંટણીમાં અનેક ગામોમાં અપસેટ સર્જાયો હતો અને ભાજપ સમર્પિત સરપંચપદનાં ઉમેદવારનો અમુક ગામોમાં પરાજય થયો હતો.

ગામનાં પ્રથમ નાગરિક તેમજ ગ્રામ પંચાયતનાં વિજેતા સદસ્ય

અનુસંધાન પાના ૬ ઉપર

### ચા કરતા કીટલી ગરમ જેવો ઘાટ સર્જાયો

## બાબરાની મામલતદાર કચેરીનાં એક કર્મચારી એડવોકેટને પણ ગણકારતા નથી

**એડવોકેટે કર્મચારીને ફરજ મોકુફ કરવાની માંગ કરી**

બાબરા, તા. ૨૫

બાબરા મામલતદાર ઓફીસની ફરી એક દાદાગીરી સામે આવી છે. બાબરા મામલતદાર ઓફીસના કલાર્કની દાદાગીરી સામે આવી છે. બાબરા વકીલાત ક્ષેત્રમાં મોટું નામ ધરાવતા અને ભારત સરકારના નોટરી અને બાબરા બારના સેક્રેટરી

અનુસંધાન પાના ૬ ઉપર

### ટિકિટ માટે માથાકુટ વધી

## ગારિયાધાર-સોમનાથ રૂટની બસનાં કંડકટર સાથે મુસાફરે રકઝક કરી

**બગસરા ખાતે એસ.ટી. કર્મીએ પોલીસ બોલાવી**

બગસરા, તા. ૨૫

બગસરા એસટી ડેપોમાં ગારીયાધારથી સોમનાથ તરફ જતી બસ બગસરા ડેપોમાં સવારના ૭ કલાકે પહોંચતી હોય. ત્યારે તેમાં ગાવડકાથી બેઠેલ પેસેન્જર બસની અંદર કંડકટર સાથે રઝજક કરતા તેમને કહ્યું કે પૈસા કંડકટરને આપ્યા છે પરંતુ ટિકિટ મને મળી નથી. તેવું ખોટું રટન કરી પોતે દારૂ

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી જિલ્લાનાં રાનીપશુઓની રંજાડ સતત વધી રહી છે

## સાવરકુંડલાનાં થોરડી ગામનાં શ્રમિક પરિવારનાં ૬ વર્ષનાં બાળકને સિંહે ફાડી ખાતા અરેરાટીનો માહોલ

**નરભક્ષી બનેલ સિંહને પાંજરે પુરી દેવામાં આવ્યો**




અમરેલી, તા. ૨૫

અમરેલી શહેર સહિત જિલ્લામાં વન્ય પ્રાણીઓના હુમલાના બનાવમાં રોકેટગતિએ વધારો થઈ રહયો હોય. ત્યારે આજે વધુ એક ઘટનામાં એક પરપ્રાંતિય પરિવારના એક ૬ વર્ષના બાળકને ભર બપોરે વાડી વિસ્તારમાંથી સિંહ ઉપાડી જઈ ફાડી ખાતા આ બાળકના માત્ર અસ્થિ જ મળી આવ્યા હતાં. આ બનાવને લઈ સાવરકુંડલા પંથકમાં ભારે અરેરાટી ફેલાય જવા પામી છે. ત્યારે સિંહને પિંજરે પુરવામાં વનવિભાગને સફળતા મળેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ સાવરકુંડલાના થોરડી ગામે રહેતા અને સીમમાં વાડી ધરાવતા અશોકભાઈ બરવાળિયાની વાડીમાં ખેતી કામ કરતાં એક પરિવારના બાળકો વાડીમાં રમતાં હતાં. ત્યારે આજે ભરબપોરે અચાનક જ સિંહે આવી અને

અનુસંધાન પાના ૬ ઉપર


















### ગીર ગંગા ટ્રસ્ટ દ્વારા જળસંગ્રહની કામગીરી અતિ પ્રશંસનિય

# અમરેલી જિલ્લાનાં અનેક ગામોમાં જળસંગ્રહની શ્રેષ્ઠ કામગીરી

**કુંકાવાવ ખાતે ગીર ગંગા ટ્રસ્ટનાં કાર્યાલયનો કેન્દ્રીય જળ મંત્રીએ ઓનલાઇન પ્રારંભ કર્યો**

**'પાણી આવે તે પહેલા પાળ બાંધી લો' કહેવત અનુસાર ગામડે–ગામડે જાગૃતિ**

**દરેક નાગરિક જળ સંગ્રહ કરવાનાં ઉમદા કાર્યમાં જોડાઈ તો બેડો પાર થાય**

**પર્યાવરણ પ્રેમીઓ સ્વેચ્છાએ ગીર ગંગા ટ્રસ્ટની કામગીરીમાં જોડાઈ રહ્યાં છે**






અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાના અનેક ગામો જેવા કે કોલડા, દેવગામ, બાટવા – દેવળી, સારંગપુર, બોરડી, બાંભણીયા, બરવાળાબાવીશી, રંગપુર, જેશીંગપરા, ત્રંબોડા, નાના બાદનપુર, રોડવાવડી ગામના ખેડૂતો અને ઉદ્યોગપતિઓ તેમજ શહેરમાં વસતા લોકો મળી અને લોકફાળો કરી વરસાદી પાણીનું યોગ્ય જતન થાય તે હેતુથી ચેકડેમોને રીપેરીંગ, ઊંડા, ઊંચા તેમજ નવા બનાવવા ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવેલ હતું. તેના માટે કુંકાવાવ તાલુકામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટની કાર્યાલયનું પણ જળમંત્રી સી.આર. પાટીલ ના વરદ હસ્તે ઓનલાઈન લોકાર્પણ કરવામાં આવેલ જેમાં નાયબ મુખ્યદંડક ગુજરાત વિધાનસભા કૌશિકભાઈ વેકરીયા, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, ગોબર ભગત કુકાવાવ, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, રાજુલાના પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર, જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, રામભાઈ સાનેપરા, તાલુકા પંચાયતના પ્રમુખ પરસોત્તમભાઈ હીરપરા, કુકાવાવ તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વસાણી, તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, કુંકાવાવના સરપંચ સંજયભાઈ લાખાણી (ફોજી) તેમજ ગામ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યઓ અને ગામે ગામના સરપંચઓ પધારેલ અમરેલી જિલ્લાના અનેક ગામમાં ખેડૂતો અને જાગૃત ઉદ્યોગપતિઓના આર્થિક સહયોગથી વરસાદી પાણીનું યોગ્ય જતન થાય તેવા હેતુથી પાણી પહેલાં પાળ બાંધો તેવો સંકલ્પ કરીને વિશાળ પ્રમાણમાં કામ કરવામાં આવેલ જેના હિસાબે પહેલા જ વરસાદમાં બધા જ ચેકડેમ ઓવરફલો થઈ ગયેલા છે, તેથી જમીનના તળમાં પાણીના લેવલ ખૂબ જ ઊંચા આવશે આ રીતે ગામડે ગામડે દરેક લોકો વરસાદી પાણીનો યોગ્ય જતન કરવા માંડે તો ખેડૂતોને ખેતીમાં અને પર્યાવરણ સાથે પ્રકૃતિની રક્ષા થવાથી પશુ – પક્ષી જીવ જંતુની રક્ષા થશે અને ખેડૂતોને તેમજ દેશને આર્થિક ખૂબ મોટો ફાયદો થશે. ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વધુ ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરવા તેમજ નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકાયેલ છે. તેમજ આર્થિક દ્રષ્ટીએ જોઈએ તો ખેડૂતોને ખુબજ આર્થિક મોટો ફાયદો થવાથી પશુ–પક્ષી અને જીવ–જંતુને સર્વેની રક્ષા થઈ રહીછે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો તેમજ ૧૧,૧૧૧ બોર રીચાર્જ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. મોટી કુકાવાવ તાલુકાને પાણીદાર બનાવવા માટે અલગ–અલગ ગામના સમાજની ચિંતા કરતા આગેવાનોને કમિટી બનાવવામાં આવેલ છે, જેમાં અમરેલી જીલ્લાના કન્વીનર અરવિંદભાઈ લાવડીયા કુકાવાવ તાલુકાના આગેવાન રમેશભાઈ ધાનાણી, અરવિંદભાઈ ડોબરીયા, વિપુલભાઈ વસાણી, ગીરધરભાઈ ગેવરીયા, મનોજભાઈ હાપાણી, લાલજીભાઈ ભુવા, જયસુખભાઈ ગજેરા, અશોકભાઈ હિરાણી, જગદીશભાઈ લુણાગરિયા, ભાવેશભાઈ ગજેરા વગેરે ભાઈઓ જહેમત ઉઠાવી રહ્યા છે. આ કાર્યને વેગ આપવા માટે તેમજ ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, પ્રતાપભાઈ પટેલ, જમનભાઈ પટેલ, વિરાભાઈ હુંબલ, રમેશભાઈ ઠક્કર, કૌશિકભાઈ સરધારા, શૈલેશભાઈ જાની, ગોપાલભાઈ બાલધા, મહેશભાઈ સેગલીયા વગેરે લોકો જેહમત ઉઠાવી રહયા છીએ.

### નર્મદાની લાઈન પર આધાર રાખવો પડે તેવી પરિસ્થિતિ

## બગસરા : પાણી વેરો વધાર્યા બાદ પાણી કાપથી શહેરીજનોમાં રોષ

**પાંચ કૂવા, ૨૦ મોટર સતત ૨૪ કલાક ચાલુ પરંતુ નર્મદાનું પાણી બંધ**

બગસરા, તા. ૨૫

સમગ્ર રાજયમાં મેઘરાજનું આગમન થઈ ચુકયુ છે ત્યારે બગસરામાં જ તળ ઉંચા આવે તેવો વરસાદ ન થતા શહેરમાં છેલ્લાં ૨૦ દિવસથી પાણીકાપ ઝીંકવામાં આવ્યો છે. પાણીકાપથી શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે અને ફરી એકાંતરા પાણી વિતરણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા નગરપાલિકાએ આ વર્ષે પાણીવેરામાં ૫૦%નો વધારો ઝીંકી દીધો હતો. પાણીવેરો વધાર્યા બાદ નગરપાલિકાએ એકાંતરા પાણી આપવાને બદલે હવે ત્રણ દિવસે પાણી વિતરણ કરી નાખતા શહેરીજનોમાં પાલિકાની નીતિ સામે રોષ ફેલાયો છે. આ અંગે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરને દૈનિક ૨૦ લાખ લીટર પાણીની ઘટ પડે છે. પાંચ કૂવા, ૨૦ મોટર સતત ૨૪ કલાકચાલુ પરંતુ નર્મદાનું પાણી બંધ થતા લોકોની મુશ્કેલી પડી રહી છે. પાણીની ઘટના કારણે છેવાડા વિસ્તારોમાં પાણી પહોંચી શકતુ નથી. જેથી શહેરીજનોને ફરી એકાંતરા પાણી મળે અથવા તો વેરો ઘટાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## કોટડાપીઠાનાં સરપંચપદે સત્યજીતભાઈ વાળાનો વિજય

બાબરા, તા. ૨૫

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામના સત્યજીતભાઈ મહેન્દ્રભાઈ વાળા જંગી બહુમતીથી વિજેતા જાહેર થતાં સમગ્ર કોટડાપીઠા ગામમાં હર્ષની લાગણી ફેલાવી હતી અને નાની ઉંમરમાં સરપંચ બનતા યુવા વર્ગમાં ક્ષત્રિય સમાજમાં હર્ષની લાગણી અઢારે મત આપતા વિજેતા થતા સમગ્ર વિશાળ સંખ્યામાં ગ્રામજનો ફટાકડા ફુલહાર કર્યા હતા. સમગ્ર ગામના તમામ મતદાર સરપંચ સભ્યોએ આભાર વ્યકત કર્યો હતો.



### માત્ર ૪૩ વર્ષની વયે બીમારીથી અંતિમ વિદાય લીધી

## બાબરાનાં જાણીતા એડવોકેટ કુલદીપ ભટ્ટનું અકાળે નિધન થતા સમગ્ર પંથકમાં શોક

**સદ્‌ગતની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા**

બાબરા, તા. ૨૫

સદ્‌ગતનું શનિવારે ગાયત્રી મંદિર બાબરા ખાતે સાંજના ૪ થી ૬ બેસણુ રાખેલ છે. બાબરા સમસ્ત બ્રહ્મસમાજ ના યુવા અગ્રણી એડવોકેટ અને નોટરી કુલદીપ ભટ્ટ નું ૪૩ ની વયેટૂંકી બીમારી બાદ અકાળે નિધન થતા બ્રહ્મસમાજ બાબરા સહિત તાલુકામાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી સદ્‌ગતની સ્મશાનયાત્રામાં બ્રહ્મસમાજના અગ્રણીઓ, વકીલ મંડળ વેપારીઓ તેમજ સામાજિક અને



રાજકીય અગ્રણીઓ મિત્ર સર્કલ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને શ્રધાંજલિ અર્પણ કરી હતભાગી ભટ્ટ પરિવાર ને સાંત્વના પાઠવી હતી.

એડવોકેટ નોટરી કુલદીપ ભટ્ટ વર્ષોથી વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલ હતા સાથે બ્રહ્મસમાજ અગ્રણી તરીકે સમાજના દરેક કાર્યમાં અગ્રેસર રહેતા એક સારા વકીલની સાથે ઉમદા અને મિલનસાર સ્વભાવ ધરાવતા વ્યકિ હતા તેમનું અકાળે નિધન તમામ લોકોનું કાળજું કંપાવી ગયું.

### જન્મદિનની પ્રેરણાદાયી ઉજવણી

## અમરેલીનાં યુવા નેતા મનિષ સંઘાણી દ્વારા સેવાકાર્ય થયુ

**તપસ્વીઓને મિષ્ટાન પીરસાયુ**



અમરેલી, તા. ૨૫

ગુજરાત પ્રદેશ યુવા ભાજપ ઉપાધ્યક્ષ મનીષભાઈ સંઘાણી (અમરેલી)ના જન્મ દિવસ નિમિત્તે તેમનાં તરફથી સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં રહેતાં તપસ્વીઓને રાત્રે મિષ્ટાન ફરસાણ (ભોજન પ્રસાદ) કરાવવામાં આવેલ.

સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી, સંસ્થાની પ્રગતિ અંગે સારહિ તપોવન આશ્રમનાં સ્વપ્નદ્રષ્ટા – પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહિ પરિવારને શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે સારહિ યુથ કલબ ઓફ અમરેલીના ખજાનચી સુરેશભાઈ શેખવા, ઋજુલભાઈ ગોંડલીયા સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ હતાં. સારહિ પરિવાર વતી, સંઘાણી પરિવારનો હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

### જવાબદાર વિભાગનાં અધિકારીઓ આળસ ખંખેરે

## જાફરાબાદનાં બંદરચોકમાં આવેલ એસ.ટી. પિકઅપ સ્ટેન્ડમાં અનેક સમસ્યા

**પિકઅપ સ્ટેન્ડમાં પશુઓનો અડિંગો**





જાફરાબાદ, તા. ૨૫

જાફરાબાદ ખાતે આવેલ એસટી બસ નું પિકઅપ સેન્ટર બન્યું શોભાના ગાંઠીયા સમાન લાખો રૂપિયાની ગ્રાન્ટ માંથી બનેલું પિકઅપ સેન્ટર મુસાફર જનતા ને બેસવા માટે બનેલું પરંતુ પાલિકા દ્વારા સાફસફાઈ તથા જાણવણી ન થતા પશુઓ માટે બન્યું અખાડો સ્વચ્છતા અભિયાન ના ઉડી રહ્યા છે. ધજાગરા ભરચક્ક વિસ્તારમાં આવેલ એસટી બસ નું પિંકઅપ સેન્ટર માં મુસાફરો ને બેસવા માટે બનાવેલું પિંક અપ સેન્ટર પશુઓ અને માલઢોર માટે રહેવા તબેલો હોય તેવું અહીં મરમૂત્રરના ઢગલા જોવા મળીરહ્યાં છે. પરંતુ સ્વચ્છતા અભિયાનની ગુલબાંગો ફેકા ફેંક કરતી પાલિકાના ધ્યાન ઉપર ક્યારે આવશે પ્રજાના ટેક્સના પરસેવાથી બનેલ આ એસટી બસ ના પિકઅપ સેન્ટર ની જવાબદાર પાલિકા દ્વારા સાફસફાઈ ન કરતી હોવાથી મરમૂત્રના ઢગલા જોવા મળી રહ્યા છે. પરંતુ જવાબદાર પાલિકાના ધ્યાન ઉપર ક્યારે આવશે..?? લાખો રૂપિયાની ગ્રાન્ટ માંથી ઉભી કરેલી સવલતો ની જાણવણી કે સાફસફાઈ ન થવાથી ગંદકી થી ખદબદતી જોવા મળી રહી છે. સ્વચ્છતા હી સેવા અભિયાનમાં પોતાના હાથમાં ઝાડુ લઈને સેલ્ફી લેવા માટે અને મિડિયા માં દેખાવો કરવામાં આવે છે. અને ઉપરી અધિકારીઓ ને ઉલ્ટા ચશ્મા પહેરાવી દેવામાં માહીર છે. પરંતુ મહત્વની જગ્યા કહીં શકાય કે ત્યાં પંદરમી ઓગસ્ટ હોય કે પછી રાષ્ટ્રીય તહેવાર કે પછી અન્ય તહેવારોની ઉજવણી આ બંદર ચોકમાં થતી હોય છે. અહીં લાઈબ્રેરી તથા આજુબાજુમાં દુકાનો હોય અહીં એસટી બસમાં બહાર ગામ થી આવતા મુસાફરો તેમજ સ્થાનિક મુસાફર ને બેસવા માટે બનાવેલું પિંકઅપ સેન્ટર શોભા ના ગાંઠીયા સમાન બની ગયું છે. આ પિકઅપ સેન્ટર મુસાફર જનતા કરતા દરરોજ માલઢોર માટે બેસવા ની સુવિધા ઉપલબ્ધ પાલિકા દ્વારા કરવામાં આવી હોય તેવું અહીં જોતા લાગી રહ્યું છે. પરંતુ જવાબદાર પાલિકા દ્વારા કોઈ પણ જાતની સાફસફાઈ કરવામાં આવતી નથી મુસાફર જનતા માંથી પાલિકા સામે રોષ જોવા મળી રહ્યો છે. શું આ બાબતની ગંભીરતા લેવામાં આવશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે.

સંકુલ ઓછી ફી સારૂ શિક્ષણ સારી વ્યવસ્થા ઉચ્ચ પરિણામ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ''આંતરરાષ્ટ્રીય યોગ દિન''ની ઉજવણી






શ્રીજીવિદ્યાર્થીભુવનઅમરેલીસ્કુલમાંઆજરોજધો.પથી ૧૨નાવિદ્યાર્થીઓઅનેસ્ટાફગણદ્વારા ૧૧માંવિશ્વયોગદિનનીઉજવણીકરવામાંઆવી. જેમાંવિદ્યાર્થીઓએવિવિધયોગાસનખુબજઉમંગઅનેઉત્સાહથીકર્યો. વિશ્વનેભારતનીભવ્યવિરાસતનીઅનુપમભેટએટલેશારીરિક, માનસિક, શાંતિઅનેસ્વાસ્થ્યમાટેયોગાસનછે. શરીરનારોગોકેમાનસિક રોગોનેદુર કરવામાટેયોગએજીવનનોભાગબનીજવોજોઈએતોઅનેકરોગોનેદુર કરવામાટેયોગાસનખુબઉપયોગીસાબિતથાયછે. સંસ્થાનાસંચાલકદીપકભાઈ વઘાસીયાતથાવિલાસબેનવઘાસીયાએતમામવિદ્યાર્થીઓતથાસ્ટાફગણનેયોગદિનનીઉજવણીબદલખુબખુબઅભિનંદનઆપ્યાહતા. યોગનેજીવનમાંનિયમિતસ્થાનઆપવાઅનુરોધકર્યાહતા.

## શહેરમાં ચાલતી મહિલાઓ સંચાલિત સેવાકીય સંસ્થા

# ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલીની ઐતિહાસિક સિધ્ધિ

**એક જ વર્ષમાં ૧૫ એવોર્ડ અને ૨ ટ્રોફી મેળવીને સમગ્ર ગુજરાતમાં અમરેલીનું નામ રોશન કર્યુ**

**પીજીવીસીએલ સાથે સંકલન કરીને રૂપિયા ૧૮.૩૪ લાખ જેટલું સીએસઆર ફંડ મેળવ્યુ**

**શહેર અને જિલ્લાની મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનું ભગીરથ કાર્ય કરાયુ**

**કલબનાં પ્રમુખ ડો. મિલી ઠાકર અને તેમની ટીમને પાવર પ્રેસિડેન્ટ સહિતનાં એવોર્ડ એનાયત**



અમરેલી, તા. ૨૫

અમરેલી શહેરની મહિલાઓ ધ્વારા સંચાલિત ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગીર એ ખુબ જ ટુંક સમયમાં સેવા કાર્યો નો ધોધ વહાવીને મહિલા શકિતનો પરિચય આપ્યો છે. કલબના વર્તમાન વર્ષના પ્રમુખ ડો. મિલી ઠાકરની આગેવાનીમાં કલબના સભ્યો ધ્વારા એક વર્ષમાં ૧૫૧ જેટલા સેવાકીય પ્રોજેકટ હાથ ધરીને સફળતાપૂર્વક પુર્ણ કરવામાં આવેલ છે.

ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગીર ધ્વારા પીજીવીસીએલ સાથે સંકલન કરી રૂા. ૧૮,૩૪,૫૦૦ જેટલું નેટ ફંડ મેળવી અમરેલી શહેર અને જિલ્લાની મહિલાઓને આત્મનિર્ભર બનાવાનું ભગીરથ કાર્ય ઉપાડેલ છે. કલબના પ્રમુખ ડો. મિલીબેન ઠાકર ધ્વારા વર્તમાન વર્ષે મહિલાઓ અને બાળકો માટે રાહતદરે કમ્પ્યુટર કલાક, બ્યુટી ટ્રેનિગ સેન્ટર, બ્યુટી પાર્લર, મહિલાઓ માટે સિવણ, ભરતકામ તાલીમ વર્ગ તથા મુકબધિર શાળાની ૨૦ જેટલી દીકરીઓને દત્તક લેવાનું ભગીરથ કાર્ય કરવામાં આવેલ છે. આ ઉપરાંત સમગ્ર વર્ષ દરમ્યાન ૧૫૧ જેટલા સમાજ ઉપયોગી પ્રોજેકટ ધ્વારા ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગીર એ પોતાની કાર્યક્ષમતાનો તથા મહિલા સશકિતકરણનો પરિચય આપીને એક નવું ઉદાહરણ સમાજને પુરૂ પાડેલ છે તેમજ સમાજ માટે કંઈક કરી બતાવવાની ભાવના બદલ કલબના પ્રમુખ ડો. મિલી ઠાકર અને સેક્રેટરી શિવાની પરીખ અને તેમના મિત્ર વર્તુળ તથા જુદી-જુદી સંસ્થાઓ તથા બ્રહ્મસમાજ તરફથી અભિનંદન અને શુભેચ્છાઓ મળી રહી છે.

તેમજ ઈનર વ્હીલ કલબને હાલમાં અંકલેશ્વર મુકામે યોજાયેલ વાર્ષિક સમારોહમાં ૧૫ જેટલા એવોર્ડ તથા બે ટ્રોફી મળી હતી. જેમાં કલબના પ્રમુખ એવા ડો. મિલી ઠાકરની પાવર પ્રેસિડેન્ટ, સ્ટ્રેસ ફ્રી શિક્ષણ, હાઈએસ્ટ પરમાનેન્ટ પ્રોજેકટસ, હાઈએસ્ટ મેમ્બરશિપ એવોર્ડ મળેલ છે. ત્યારે બેસ્ટ સેક્રેટરીનો એવોર્ડ શિવાનીબેન પરીખ, બેસ્ટ એડીટરનો એવોર્ડ બીનાબેન ગાંધી, બેસ્ટ ઈ-એડમીનનો એવોર્ડ પ્રતીક્ષાબેન રામાણીને મળેલ હતો. ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગીર એ એક જ વર્ષમાં ૧૫ એવોર્ડ અને ૨ ટ્રોફી જીતીને સમગ્ર ગુજરાતમાં અમરેલી શહેરનું નામ રોશન કરેલ છે અને આ પ્રોજેકટસની રાષ્ટ્રીય સ્તરે પણ નોંધ લેવાયેલ છે. જે બદલ સમગ્ર પંથક ગર્વની લાગણી અનુભવે છે.

# અમરેલી તાલુકાનાં કાઠમા ગામે રોગનો ફેલાવો અટકાવવા ગપ્પી માછલીઓ મુકવામાં આવી

**વરસાદી પાણીનો યોગ્ય નિકાલ કરવા સમજ અપાઈ**

અમરેલી, તા. ૨૫

અમરેલીના કાઠમા ગામ ખાતે વાહકજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ તેમજ ચિકનગુનીયા જેવા રોગનો ફેલાવો ન થાય તેમજ ગામ રોગમુકત રહે તે માટે જુન માસ મેલેરીયા માસ અંતર્ગત જીલ્લા મેલેરીયા અધિકારી ડો. સિંગ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. આર.કે. ભટ્ટ તેમજ મેડીકલ ઓફિસર મોટા આંકડિયાની સુચના અનુસાર કાકમા ગામનાં ૩૪ જેટલા ઘરોની ખુલ્લી ટાંકીઓમા તથા ગામના અવેડામા ગપ્પી માછલીઓ મુકવામાં આવેલ તેમજ લોકોને વાહકજન્ય રોગો જેવા કે, મેલેરિયા, ડેન્ગ્યુ તથા ચિકનગુનિયાના મચ્છર ચોખ્ખા, ખુલ્લા અને બંધીપાટ પાણીમા થાય છે તે અંગે આરોગ્ય, શિક્ષણ આપવામાં આવ્યું. તથા લોકોને સમજાવવામાં આવ્યુ કે પોતાના ઘરની અગાશીમાં, ફળિયામા કે ઘરની આજુબાજુમા કોઈપણ ભંગાર અથવા ડબ્બા, ડુબ્લી, ટાયર હોય તેમાં વરસાદનું પાણી ના ભરાઈ તે રીતે રાખવા ઉપરાંત કામગીરી સફળ બનાવવા માટે ગામના સ્થાનીક આરોગ્ય કર્મચારી એમ.એચ. જુણેજા, ચેતનાબેન વિરાણી તેમજ જયદિપભાઈ નજુભાઈ ડેરએ જહેમત ઉઠાવેલ હતી.

# ચલાલા ખાતે ખાનગી ન્યુઝ ચેનલનાં પત્રકાર સામે નારાજગી

ચલાલા, તા. ૨૫

સ્વમાન ન્યુઝ ચેનલનાં પત્રકાર તુષારભાઈ બસીયા દ્વારા શ્રી ગેબીનાથની જગ્યા પરિવારની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવા શબ્દ પ્રયોગ કરવાથી જગ્યાનો ભગત પરિવાર સહિત કાઠી સમાજમાં ઉગ્ર રોષ વ્યાપેલ છે તેમજ ભગત પરિવાર દ્વારા ચલાલાલ પોલીસ સ્ટેશનમાં પત્રકાર તુષારભાઈ બસીયા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. તેમજ આવતીકાલ ભગત પરિવાર અને ધારી તાલુકા ક્ષત્રિય સમાજ દ્વારા મામલતદાર ને ઉગ્ર રોષ સાથે આવેદનપત્ર આપી યુ ટયુબ ચેનલ પર ચાલતી સ્વમાન ન્યુઝ ચેનલના પત્રકારનો વિરોધ કરવામાં અવશે તેમ ભગત પરિવારના પ્રવીણભાઈ ભગતે જણાવેલ છે.

## સંસ્થાનાં ૨૧ વર્ષ પૂર્ણ થયાની ખુશીમાં

# અમરેલી ખાતે નરેન્દ્ર મોદી મંચ દ્વારા અનાથ બાળકોને સ્કુલબેગનુ વિતરણ

**નિત્ય શુધ્ધાનંદ સ્વામીનાં આશ્રમ ખાતે વિતરણ**

અમરેલી, તા. ૨૫

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નામથી ચાલતી ભારતની એક માત્ર સંસ્થા નરેન્દ્ર મોદી વિચાર મંચ આ સંસ્થા દેશના તમામ રાજયો અને દેશના તમામ જીલ્લાઓમાં સ્વખર્ચે સેવાકીય પ્રવૃતિઓ કરતી સંસ્થા છે. ૨૨ જૂને આ સંસ્થાના સેવાકીય સફરના ૨૧ વર્ષ પૂર્ણ થયા અને ૨૨મા વર્ષમા મંગલ પ્રવેશ થયો. આ નિમિત્તે નરેન્દ્ર મોદી વિચાર મંચ અમરેલી પરિવાર દ્વારા નિત્ય શુધ્ધાનંદ સ્વામીના આશ્રમ ખાતે અનાથ બાળકોને સ્કૂલ બેગ આપી સંસ્થાનો સ્થાપના દિવસ ઉજવ્યો.




ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
વધારાની આવક મેળવો અને આર્થિક રીતે સ્વતંત્ર બનો
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪







### અરવિંદ કેજરીવાલનો મોટો ખુલાસો

# ગુજરાત પેટાચૂંટણીમાં જીત ૨૦૨૭ની ચૂંટણીનો સંકેત છે

## અરવિંદ કેજરીવાલે કહ્યું, ''મેં કહ્યું હતું કે આ લોકશાહી છે, જે દિવસે લોકો ઉભા થશે, મોટા સિંહાસન હચમચી જશે

નવી દિલ્હી, તા.૨૫

આમ આદમી પાર્ટી (AAP) ગુજરાતની વિસાવદર બેઠક અને પંજાબની લુધિયાણા પશ્ચિમ બેઠક પર મળેલી જીતથી ઉત્સાહિત છે. આ સાથે પાર્ટીએ મિશન ૨૦૨૭ શરૂ કરી દીધું છે. ૨૦૨૭માં પંજાબ અને ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાશે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે પેટાચૂંટણીના પરિણામો પર કહ્યું કે ગુજરાતમાં આ જીત ૨૦૨૭ની ચૂંટણીનો સંકેત છે. વિસાવદરથી જીતેલા ગોપાલ ઈટાલિયા અને લુધિયાણા પશ્ચિમથી જીતેલા સંજીવ અરોરા સાથે દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં કેજરીવાલે કહ્યું, "ગુજરાતના લોકો વ્યથિત છે. ગુજરાત સરકારના એક મંત્રી મને મળ્યા. તેમણે મને કહ્યું કે અહીંના લોકો ભાજપના ૩૦ વર્ષના શાસનથી વ્યથિત છે. તેઓ તેમને હરાવવા માંગે છે, પરંતુ ભાજપની વહીવટ પર એટલી પકડ છે કે તે શક્ય બનશે કે નહીં તે ખબર નથી."

અરવિંદ કેજરીવાલે કહ્યું, "મેં કહ્યું હતું કે આ લોકશાહી છે, જે દિવસે લોકો ઉભા થશે, મોટા સિંહાસન હચમચી જશે. ગુજરાતનો આ વિજય ૨૦૨૭ની ચૂંટણીનો સંકેત છે. તે દર્શાવે છે કે ગુજરાતના લોકો પાસે આજ સુધી કોઈ વિકલ્પ નહોતો. હવે AAP એક વિકલ્પ તરીકે આવી છે. અમને છઈઁ માં આશા દેખાય છે."

કોંગ્રેસ પર કટાક્ષ કરતા કેજરીવાલે કહ્યું, ''કોંગ્રેસ કોઈ વિકલ્પ નથી, કોંગ્રેસ ગઈ અને ભાજપના ખોળામાં બેસી ગઈ. તે તેમના ખિસ્સામાં છે. છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસને ૧૭ બેઠકો મળી. તેના ૧૭ માંથી ૫ ધારાસભ્યો ભાજપમાં ગયા. અમને ૫ બેઠકો મળી, પાંચમાંથી એક ધારાસભ્ય ભાજપમાં ગયો.''

કેજરીવાલે કહ્યું, ''અમારી કોંગ્રેસ સાથે ચર્ચા થઈ, ચર્ચા એ હતી કે તમારી પાસે પાંચ બેઠકો છે, અમારી પાસે એક બેઠક છે. કોંગ્રેસે કહ્યું કે તમારે આ પાંચ બેઠકો પર ચૂંટણી ન લડવી જોઈએ, અમે એક બેઠક પર ચૂંટણી નહીં લડીએ. અમે કહ્યું ઠીક છે, તે પાંચ બેઠકો પર ચૂંટણી થઈ હતી. "ગઈ વખતે છઈઁ ત્યાં બેઠકો પર ચૂંટણી લડી ન હતી. આ વખતે છઈઁ ની બેઠક પર ચૂંટણી થઈ હતી, મ્ત્ઁ તરફથી આદેશ આવ્યો હતો, કોંગ્રેસ તે આદેશનો ઈનકાર કરી શકી નહીં, કોંગ્રેસ છઈઁ સાથે દગો કરીને ઉમેદવાર ઉભા રાખ્યા. તેમને અમને હરાવવા માટે મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા, પરંતુ અમે જીતી ગયા. તેઓ પાંચેય બેઠકો હારી ગયા." અરવિંદ કેજરીવાલે કહ્યું કે આ સ્પષ્ટપણે દર્શાવે છે કે દેશને કોંગ્રેસ પાસેથી કોઈ અપેક્ષા નથી. કોંગ્રેસનું ટોચનું નેતૃત્વ ભાજપ સાથે ગઠબંધનમાં છે. આનો પુરાવો છે. દરેક શેરીમાં ફરતો દરેક કોંગ્રેસ કાર્યકર છેતરાયેલો અનુભવે છે. AAP સિસ્ટમ સામે લડી રહી છે. કોંગ્રેસના ૭૦ મોટા નેતાઓ BJPમાં જોડાયા છે.

### ભારત બંને ઈનિંગ્સમાં મોટો સ્કોર કરી શક્યું ન હતું

# પહેલી ટેસ્ટમાં હાર બાદ કેપ્ટન શુભમન ગિલ થયો ગુસ્સે

## શુભમન ગિલે સ્વીકાર્યું કે નીચલા ક્રમના બેટ્સમેનોની રન બનાવવામાં અસમર્થતા હારનું મુખ્ય કારણ હતું

લીડ્સ, તા.૨૫

ઈંગ્લેન્ડ સામેની પહેલી ટેસ્ટમાં પાંચ વિકેટથી મળેલી હાર બાદ ભારતીય કેપ્ટન શુભમન ગિલે સ્વીકાર્યું કે નીચલા ક્રમના બેટ્સમેનોની રન બનાવવામાં અસમર્થતા હારનું મુખ્ય કારણ હતું. ઉપ-કપ્તાન ઋષભ પંતે બંને ઈનિંગ્સમાં સદી ફટકારી હતી જ્યારે ગિલ, યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલે પણ સદી ફટકારી હતી, પરંતુ ભારત બંને ઈનિંગ્સમાં અપેક્ષિત મોટો સ્કોર કરી શક્યું ન હતું અને ઘણા મહત્વપૂર્ણ કેચ પણ છોડવામાં આવ્યા હતા.

પ્રથમ ઈનિંગમાં ત્રણ વિકેટે ૩૫૯ રનના સ્કોર બાદ આખી ટીમ ૪૭૧ રનમાં આઉટ થઈ ગઈ હતી. બીજી ઈનિંગમાં પણ છેલ્લી છ વિકેટ ૭૭ રનની અંદર પડી ગઈ હતી.

મેચ પછી ગિલે કહ્યું કે આ એક શાનદાર ટેસ્ટ મેચ હતી. અમારી પાસે તકો હતી પણ અમે કેચ છોડી દીધા અને નીચલા ક્રમમાંથી પણ રન બન્યા નહીં, પરંતુ મને ટીમ પર ગર્વ છે અને એકંદરે તે એક સારો પ્રયાસ હતો. ગઈકાલે અમે લગભગ ૪૩૦ રન બનાવ્યા બાદ ઈનિંગ્સ ડિકલેર કરવાનું વિચારી રહ્યા હતા, પરંતુ નીચલા ક્રમમાં રનના અભાવે તે મુશ્કેલ બન્યું.

તેમણે કહ્યું કે અમે નીચલા ક્રમના યોગદાન વિશે વાત કરી હતી પરંતુ તે ખૂબ જ ઝડપથી થયું (વિકેટ પડી). આવનારી મેચોમાં આપણે આમાં સુધારો કરવો પડશે. ડ્રોપ થયેલા કેચ માટે પોતાના ફિલ્ડરોનો બચાવ કરતા તેમણે કહ્યું કે આવી વિકેટો પર તકો સરળતાથી મળતી નથી. આ એક યુવા ટીમ છે અને શીખી રહી છે. આશા છે કે, ભવિષ્યમાં આ પાસાઓમાં વધુ સારું પ્રદર્શન થશે.

ગિલે કહ્યું કે ૨ જુલાઈથી બર્મિંગહામમાં બીજી ટેસ્ટ માટે સમય છે અને મેચ પહેલા જ જસપ્રીત બુમરાહ વિશે નિર્ણય લેવામાં આવશે. બુમરાહની ઉપલબ્ધતા વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે અમે મેચ દર મેચ જોઈશું. બીજી ટેસ્ટ નજીક આવશે ત્યારે નિર્ણય લેવામાં આવશે.

ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ભારતની પ્રશંસા કરી, પરંતુ જીતનો શ્રેય તેના ઓપનરો બેન ડકેટ અને જેક ક્રાઉલીને આપ્યો, જેમણે અનુક્રમે ૧૪૯ અને ૬૫ રન બનાવ્યા. તેમણે કહ્યું કે ભારતે પહેલા સત્રમાં શાનદાર પ્રદર્શન કર્યું. ઈંગ્લેન્ડમાં ચોથી ઈનિંગમાં રમવું સરળ નથી, પરંતુ જેક અને બેને શાનદાર ભાગીદારી કરીને જીતનો પાયો નાખ્યો.

પ્લેયર ઓફ ધ મેચ ડકેટે કહ્યું કે બુમરાહનો સામનો કરવાનો રસ્તો શોધવો મહત્વપૂર્ણ હતો. તેમણે કહ્યું કે તે એક વર્લ્ડ ક્લાસ બોલર છે અને તેણે પહેલી ઈનિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું. અમને ખુશી છે કે અમે તેને બીજી ઈનિંગમાં તેનું પુનરાવર્તન થવા દીધું નહીં.

### દીકરાને જોઈને માતાની આંખોમાં આવ્યા આંસુ

# શુભાંશુ શુક્લાએ રચ્યો ઈતિહાસ, અંતરિક્ષ માટે રવાના થયું મિશન Axiom-૪

## શુભાંશુ અમેરિકાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરાયેલા એક્સિઓમ-૪ મિશનનો ભાગ છે : આ ફ્લાઇંગનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું

વોશિંગ્ટન, તા.૨૫

૨૫ જૂન, ૨૦૨૫ ભારત માટે ખૂબ જ ખાસ અને ઐતિહાસિક દિવસ છે. કારણ કે ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ બપોરે ૧૨:૦૧ વાગ્યે અવકાશ તરફ ઉડાન ભરી છે. શુભાંશુ અમેરિકાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરાયેલા એક્સિઓમ-૪ મિશનનો ભાગ છે. આ ફ્લાઈંગનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું, જેને શુભાંશુના માતા-પિતાએ પણ જોયું હતું. આ દરમિયાન શુભાંશુની માતા ખૂબ જ ભાવુક દેખાતી હતી. તે વારંવાર આંસુ લૂછી રહી હતી. તેનો પુત્ર ઉડાન ભરતા જ તે તાળીઓ પાડતી જોવા મળી હતી. જણાવી દઈએ કે, ૨૮ કલાકની મુસાફરી પછી, Axiom-4 મિશન ભારતીય સમય મુજબ ગુરુવારે સાંજે ૪:૩૦ વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પહોંચવાની ધારણા છે. SpaceX નું Falcon-9 રોકેટ NASA ના કેનેડી સ્પેસ સેન્ટરથી બપોરે ૧૨:૦૧ વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક માટે ઉડાન ભરી હતી. ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા અને અન્ય ત્રણ અવકાશયાત્રીઓએ Axiom-4 મિશન હેઠળ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ઉડાન ભરીને ઈતિહાસ રચ્યો છે. આ દરમિયાન શુભાંશુ શુક્લાએ અવકાશયાનની અંદરથી પહેલો સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે, "નમસ્તે, મારા પ્રિય દેશવાસીઓ, what a ride... ૪૧ વર્ષ પછી આપણે ફરીથી અવકાશમાં પહોંચ્યા છીએ. અને તે એક અદ્ભુત સવારી હતી. અત્યારે આપણે પૃથ્વીની આસપાસ ૭.૫ કિલોમીટર પ્રતિ સેકન્ડની ઝડપે ફરતા હોઈએ છીએ. મારા ખભા પર મારો ત્રિરંગો છે, જે મને કહી રહ્યો છે કે, હું એકલો નથી, હું તમારા બધા સાથે છું."

જણાવી દઈએ કે, ઘણીવાર મુલતવી રાખ્યા પછી, Axiom-4 મિશનનો સમય બપોરે ૧૨:૦૧ વાગ્યે નક્કી કરવામાં આવ્યો હતો અને અમેરિકાની ખાનગી એરોસ્પેસ અને અવકાશ પરિવહન સેવા કંપની SpaceX એ જાહેરાત કરી છે કે, હવામાન ઉડાન માટે ૯૦ ટકા અનુકૂળ હતું.

લખનઉંમાં જન્મેલા શુક્લા, ભૂતપૂર્વ મિશન કમાન્ડર પેગી વ્હિટસન, યુએસ સ્પેસ એજન્સી NASA (નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન) ના અવકાશયાત્રી, હંગેરિયન અવકાશયાત્રી ટિબોર કાપુ અને પોલેન્ડના સ્લાવોજ ઉજ્નાન્સ્કી-વિસ્નીવસ્કી આ મિશનનો ભાગ છે. સ્પેસએક્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "બુધવારે એક્સિઓમ સ્પેસના AX-4 મિશનને સ્પેસ સ્ટેશન પર લોન્ચ કરવા માટે બધી સિસ્ટમો યોગ્ય લાગે છે અને હવામાન ઉડાન માટે ૯૦ ટકા અનુકૂળ છે."

નાસાએ કહ્યું હતું કે, નાસા, એક્સિઓમ સ્પેસ અને સ્પેસએક્સે હવે ચોથા ખાનગી અવકાશયાત્રી મિશન એક્સિઓમ મિશન ૪ ને આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન પર લોન્ચ કરવા માટે બુધવાર, ૨૫ જૂનના રોજ બપોરે ૧૨.૦૧ વાગ્યે (ભારતીય સમય) લક્ષ્ય રાખ્યું છે. એક્સિઓમ-૪ કોમર્શિયલ મિશનનું નેતૃત્વ કમાન્ડર પેગી વ્હિટસન કરી રહ્યા છે, જેમાં શુક્લા મિશન પાઈલટ તરીકે અને હંગેરિયન અવકાશયાત્રી ટિબોર કાપુ અને પોલેન્ડના સ્લેવોજ ઉઝનાન્સ્કી-વિસ્નીવસ્કી મિશન નિષ્ણાતો તરીકે છે.

### ખડગેના વડાપ્રધાન મોદી પર પ્રહાર

# આઝાદીમાં યોગદાન નથી ને બંધારણ વિરુદ્ધ વાતો કરી રહ્યા છે

## ચૂંટણી તમે નહીં, મશીન જીતી રહી છે : કોંગ્રેસ અધ્યક્ષ

નવી દિલ્હી, તા.૨૫

દેશમાં આજથી ૫૦ વર્ષ પહેલાં કટોકટી લાદવામાં આવી હતી, ત્યારે આજના દિવસે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ પ્રેસ કોન્ફરન્સ યોજી ચૂંટણી પંચ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, 'મોદી સરકારમાં ચૂંટણી પંચ કઠપૂતળી બની ગયું છે. નરેન્દ્ર મોદી કહે છે કે, હું ચૂંટણી જીતી રહ્યો છું. રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યો તો ઈડી પાસે કોઈ જવા નથી. વર્તમાન સમયમાં ચૂંટણી પંચ મોદી સરકારની કઠપૂતળી બની ગઈ છે.'

આ વર્ષે અંતમાં બિહાર વિધાનસભા ચૂંટણી યોજાવાની, ત્યારે ખડગેએ બિહારનો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિહારમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. અરે તમે ચૂંટણી જીતી રહ્યા નથી, મશીન જીતી રહી છે. વડાપ્રધાન મોદીએ આજે કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે એક પરિપત્ર જાહેર કર્યું છે. તેમાં કહેવાયું છે કે, કટોકટી વખેત બંધારણ નષ્ટ થઈ ગયું હતું અને અમે બંધારણ પર વિશ્વાસ ઉભો કર્યો છે. તમામ રાજયએ બંધારણ હત્યા દિવસ મનાવવો જોઈએ.'

કોંગ્રેસ અધ્યક્ષે વધુમાં કહ્યું કે, 'દેશની આઝાદીમાં જેનું કોઈ યાગદાન નથી, તેઓ બંધારણની વિરુદ્ધમાં વાતો કરી રહ્યા છે. ભાજપ 'બંધારણ બચાવો યાત્રા'થી ગભરાઈ રહી છે. જે લોકો શાસન કરવામાં નિષ્ફળ ગયા છે, મોંઘવારીથી લઈને બેરોજગારી પર જવાબ આપતા નથી, નોટબંધી પર જવાબ આપતા નથી, તમે સર્વપક્ષીય બેઠકમાં પણ આવતા નથી અને પહલગામ પર બેઠક બોલાવીને રેલી કરવા જતા રહ્યા.'

કટોકટીના ૫૦ વર્ષ થવા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા એકાઉન્ટ X પર કહ્યું કે, 'આજે ભારતના લોકતંત્રના ઈતિહાસમાં સૌથી કાળા અધ્યાયો પૈકી એક કટોકટીને ૫૦ વર્ષ પૂરા થયા છે. દેશના લોકો આ દિવસને સંવિધાન હત્યા દિવસ તરીકે માને છે. આ દિવસે ભારતના બંધારણના મૂલ્યોની અવગણના કરવામાં આવી હતી. મૌલિક અધિકારોનું ઉલ્લંઘન કરી પ્રેસની સ્વતંત્રતા ખતમ કરવામાં આવી હતી. અનેક રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વિદ્યાર્થીઓ, અને સામાન્ય નાગરિકોને જેલ ભેગા કર્યા હતા. તે સમયે શાસન કરી રહેલી કોંગ્રેસ સરકારે લોકતંત્રને બંધક બનાવ્યું હતું. અમે કટોકટી વિરૂદ્ધ લડાઈમાં અડગ રહેનારા દરેક વ્યક્તિને સલામ કરીએ છીએ. આખા ભારતમાંથી, દરેક ક્ષેત્રમાંથી, અલગ-અલગ વિચારધારાઓમાંથી લોકો આવ્યા હતાં. જેમનો એક જ ઉદ્દેશ હતો એકબીજા સાથે મળીને કામ કરવું. ભારતના લોકશાહી ઢાંચાની રક્ષા કરવી અને તેના આદર્શોને જાળવી રાખવા.

તેના માટે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાનું જીવન સમર્પિત કરી દીધું. આ તેમનો સામૂહિક સંઘર્ષ હતો. જેના લીધે તે સમયની કોંગ્રેસ સરકારે લોકશાહીની પુનઃસ્થાપના કરવી પડી. નવેસરથી ચૂંટણી કરાવવી પડી અને તેમાં કારમી હારનો સામનો કર્યો.'

### CBSE એ કરી જાહેરાત

# હવે વર્ષમાં બે વખત લેવાશે ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષા

## પ્રથમ તબક્કાની પરીક્ષા બધા વિદ્યાર્થીઓ માટે જરૂરી છે

નવી દિલ્હી, તા.૨૫

જો તમે કે તમારા બાળકો ધોરણ ૧૦ની તૈયારી કરી રહ્યાં છે તો આ સમાચાર તમારા માટે જરૂરી છે. કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) એ ૨૦૨૬થી ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષામાં મોટો ફેરફાર કરવાની જાહેરાત કરી છે. હવે વિદ્યાર્થીઓને વર્ષમાં બે વખત પરીક્ષામાં બેસવાની તક મળશે. તેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ પરથી દબાવ ઘટાડવાનો અને તેને સારૂ પ્રદર્શન કરવાની બીજી તક આપવાનો છે. CBSE પરીક્ષા નિયંત્રક સંયમ ભારદ્વાજે માહિતી આપી છે કે હવે ૧૦મા ધોરણની બોર્ડ પરીક્ષા બે તબક્કામાં લેવામાં આવશે, પહેલો તબક્કો ફેબ્રુઆરીમાં અને બીજો મેમાં યોજાશે. પરંતુ તેમાં એક ખાસ વાત છે કે પ્રથમ પરીક્ષામાં બધા વિદ્યાર્થીઓએ ફરજીયાત સામેલ થવું પડશે. બીજી પરીક્ષા વૈકલ્પિક હશે. એટલે કે જો કોઈ વિદ્યાર્થી પોતાના પ્રથમ પ્રયાસમાં મળેલા માર્કસથી સંતુષ્ટ નથી તો તે બીજી પરીક્ષામાં બેસી શકે છે. CBSE નો આ નિર્ણય નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) ની ભલામણ અનુસાર લેવામાં આવ્યો છે. તેનો ઈરાદો વિદ્યાર્થીઓને ફ્લેક્સિબલ અને તણાવમુક્ત વાતાવરણ આપવાનો છે, જેથી તે પોતાની ભૂલમાંથી શીખી સુધાર કરી શકે. બોર્ડનું માનવું છે કે એકવારની પરીક્ષાથી કોઈ વિદ્યાર્થીની પ્રતિભાનું મૂલ્યાંકન ન કરી શકાય.

સંયમ ભારદ્વાજના મતે, ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ માટે બોર્ડ પરીક્ષાના પ્રથમ તબક્કામાં હાજર રહેવું જરૂરી છે. જ્યારે, બીજો તબક્કો વૈકલ્પિક છે. જોકે, વિદ્યાર્થીઓ બીજા તબક્કાની પરીક્ષામાં હાજર રહીને તેમના ગુણ વધારી શકે છે. વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષમાં તેમના ગુણ સુધારવાની આ એક સારી તક છે.

### એર ઈન્ડિયાએ આપ્યા રાહતના સમાચાર

# મોટાભાગની ફ્લાઈટ્સને ફરીથી શરૂ કરવાનો નિર્ણય

## યૂરોપ માટે પહેલા રદ કરવામાં આવેલી ફ્લાઈટ્સ પણ ફરી શરૂ કરવામાં આવી રહી છે

નવી દિલ્હી, તા.૨૫

એર ઈન્ડિયાએ તેના પેસેન્જર્સને રાહતની ખબર આપી છે. એર ઈન્ડિયાએ મિડલ ઈસ્ટના કેટલા ભાગો માટે ધીરે-ધીરે પોતાની ફ્લાઈટ્સ ફરીથી શરૂ કરવાની વાત કરી છે. વાસ્તવમાં, મિડલ ઈસ્ટમાં એર સ્પેસ ખુલ્યા બાદ એર ઈન્ડિયાએ ૨૫ જૂનથી તેની મોટાભાગની ફ્લાઈટ્સને ફરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આટલું જ નહીં, યૂરોપ માટે પહેલા રદ કરવામાં આવેલી ફ્લાઈટ્સ પણ આજથી ફરી શરૂ કરવામાં આવી રહી છે. આ સાથે, અમેરિકા અને કેનેડા માટે ફ્લાઈટ્સ પણ શક્ય તેટલી વહેલી તકે શરૂ કરવામાં આવશે.

જો કે, કેટલીક ફ્લાઈટ્સ વિલંબ કે રદ થવાની શક્યતા છે. કારણ કે, લાંબો રસ્તો અને ઉડાન સમયમાં ફેરફારના કારણે કેટલીક મુશ્કેલીઓ આવી શકે છે. પરંતુ, એર ઈન્ડિયાએ તેના પેસેન્જર્સને વિશ્વાસ અપાવ્યો છે કે, તે આ સમસ્યાઓ ઘટાડવા અને તેના શિડ્યુલને વહેલી તકે પૂરી રીતે સામાન્ય કરવાના પ્રયત્નો કરી રહ્યું છે. એરલાઈન્સે એ પણ સ્પષ્ટ કર્યું છે કે, તે એવા એર સ્પેસથી દૂર રહેશે જે અસુરક્ષિત માનવામાં આવી રહ્યા છે. સાથે જ, એર ઈન્ડિયાએ તેના પેસેન્જર્સને અપીલ કરી છે કે, તેઓ આ સ્થિતિમાં ધીરજ જાળવી રાખે. એરલાઈન્સનું કહેવું છે કે, તેઓ તેમના પેસેન્જર્સ, ક્રૂ અને એરક્રાફ્ટની સુરક્ષાને સૌથી વધારે મહત્વ આપે છે. તેઓ કોઈપણ પ્રકારનું જોખમ નથી લેવા માંગતા. પેસેન્જર્સને તરત જ કોઈપણ અપડેટ કે ફેરફારની જાણકારી આપવામાં આવશે, જેથી તેમને ટ્રાવેલમાં મુશ્કેલી ન થાય. ઉલ્લેખનીય છે કે, એર ઈન્ડિયાના આ પગલાથી તે હજારો યાત્રીકોને રાહત મળશે, જે મિડલ ઈસ્ટ, યૂરોપ, અમેરિકા અને કેનેડાની યાત્રા કરવા માંગે છે. ખાસ કરીને તેવા લોકો માટે ખુશખબરી છે, જેઓ પોતાના પરિવાર સાથે વિદેશોમાં ફસાયેલા છે.

એર ઈન્ડિયાએ તેની સર્વિસમાં અસ્થાયી કપાતની વાત કરી હતી. આ કપાત ૨૧ જૂન, ૨૦૨૫થી ૧૫ જુલાઈ, ૨૦૨૫ સુધી કરવામાં આવવાનો હતો. એર ઈન્ડિયાના જૂના નિર્ણય હેઠળ, દિલ્હીથી નેરોબી વચ્ચે ઓપરેટ થનારી ફ્લાઈટ AI961 અને છૈં૯૬૨ને ૩૦ જૂન સુધી સસ્પેન્ડ કરી દીધી હતી. આ ઉપરાંત, અમૃતસર અને લંડન વચ્ચે ચાલતી ફ્લાઈટ્સ AI169 અને AI170 ૧૫ જુલાઈ સુધી સ્થગિત કરવામાં આવી હતી. ગોવા અને લંડન વચ્ચે ગેટવિક સુધી ચાલતી ફ્લાઈટ્સ AI145 અને AI146 પણ ૩૧ જુલાઈ સુધી સ્થગિત કરવામાં આવી હતી. એર ઈન્ડિયાએ દિલ્હીથી અમેરિકા વચ્ચે ઓપરેટ થનારી ઘણી ફ્લાઈટ્સની ફ્રિક્વેન્સી ઓછી કરી દીધી હતી. આમાં દિલ્હીથી ટોરોન્ટો, વાનકુવર, સાન ફ્રાન્સિસ્કો, શિકાગો અને વોશિંગ્ટનની ફ્લાઈટ્સનો સમાવેશ થતો હતો. એર ઈન્ડિયા દિલ્હીથી અમેરિકાના આ શહેરો માટે સપ્તાહમાં ૪૨ ફ્લાઈટ ઓપરેટ કરે છે, પરંતુ ૨૧ જૂનથી ૧૫ જુલાઈની વચ્ચે આ રૂટ્સ પર માત્ર ૨૫ ફ્લાઈટ્સ જ ઓપરેટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### ગુજરાતમાં વરસાદથી ચારેતરફ તબાહી

# સુરત બાદ હવે નર્મદા જિલ્લાનો વારો, ૮ ઈંચથી તારાજી સર્જાઈ

## સવારે ૬ થી ૧૦ કલાક સુધીમાં સાગબારા-તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકામાં ૪ ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો

નર્મદા, તા.૨૫

ગુજરાતમાં એન્ટ્રી થતા જ ચોમાસાએ જમાવટ કરી છે. પહેલા ભાવનગર અને હવે સુરતને બરાબરનું ધમરોળ્યું છે. છેલ્લાં ૨૪ કલાકના અપડેટની વાત કરીએ તો, નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં સૌથી વધુ ૮ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો. આજે સવારે ૬ થી ૧૦ કલાક સુધીમાં રાજ્યમાં નર્મદા જિલ્લાના સાગબારા અને તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો. સુરતમાં ખાડીના પાણી શહેરના વિસ્તારોમાં હજુ પણ પાણી ઓસર્યા નથી. પર્વત ગામનું ગીતાનગર હજી પણ પાણીમાં ગરકાવ છે. ૪૮ કલાક થઈ ગયા પાણી ઘટવાને બદલે વધ્યું છે. આ કારણે લોકો પોતાના જ ઘરમાં કેદ થયા છે. ઘરની બહાર રહેલા વાહનો પણ પાણીમાં ગરકાવ થયા છે. હજુ કોઈ તંત્રની ટીમ હાજર જોવા નથી મળી. ખાડી પાણી નહિ ભરાય તેવા મોટા મોટા દાવા કરવાર મનપા પણ ફેલ ગયું છે.

રાજ્યમાં ગત ૨૪ કલાક દરમિયાન ૨૬ જિલ્લાના ૧૪૨ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યના નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં સૌથી વધુ ૮.૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, નર્મદા જિલ્લાના તિલકવાડા અને દાહોદ તાલુકામાં ૭ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. અન્ય તાલુકાઓની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી, પંચમહાલના શહેરા તેમજ વલસાડના ધરમપુર અને વાપી તાલુકામાં ૬ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત સુરતના બારડોલી તાલુકામાં, મહિસાગરના વિરપુર અને લુણાવાડા, દાહોદના સિંઘવડ, અરવલ્લીના મોડાસા, પંચમહાલના મોરવા-હડફ અને ગોધરા, વલસાડના પારડી, નવસારીના ખેરગામ, તાપીના સોનગઢ અને વ્યારા તાલુકામાં ૫ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. તદુપરાંત નર્મદા જિલ્લાના ગરુડેશ્વર અને ડેડિયાપાડા, દાહોદના લીમખેડા, પંચમહાલના જાંબુઘોડા અને હાલોલ, છોટાઉદેપુરના સંખેડા અને બોડેલી તેમજ સુરતના મહુવા અને ઉમરપાડા તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

વધુમાં, રાજ્યના ૭ તાલુકામાં ત્રણ ઈંચથી વધુ, ૧૬ તાલુકામાં બે ઈંચથી વધુ, ૨૫ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, ૬૭ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે. આજે, તા. ૨૫ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૬.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં નર્મદા જિલ્લાના સાગબારા અને તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકામાં ૪ ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે.

### ૧૬ નાગરિકોના મોત, ૧૦૦ ઘાયલ

# ઈઝરાયલ-ઈરાન શાંત થયા ત્યાં રશિયાનો યુક્રેન પર મોટો હુમલો

## ડનિપોની પાસે આવેલા સમર શહેરમાં કરવામાં આવેલા હુમલામાં બે લોકોનાં મોત થયા હતાં અને ૯ લોકો ઘાયલ થયા હતાં

મોક્સો, તા.૨૫

યુક્રેનમાં રશિયાએ ડ્રોન, મિસાઈલ અને તોપથી કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૬ લોકોનાં મોત થયા છે અને ૧૦૦ લોકો ઘાયલ થયા છે તેમ યુક્રેનના અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે હજુ તો ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ થયું જ છે ત્યાં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ વકરવા લાગી છે. બીજી તરફ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સકીએ પશ્ચિમી દેશો પાસે સૈન્ય મદદની માંગ કરી છે. તે નેધરલેન્ડના હેગ શહેરમાં નાટો શિખર સંમેલનમાં ભાગ લઈ રહેલા નેતાઓને મળશે. તેમનો ઉદ્દેશ યુક્રેનની સુરક્ષા માટે ભવિષ્યની સહાયતા સુનિશ્ચિત કરવાનો છે.મંગળવાર બપોરે રશિયાએ યુક્રેનના ડનિપ્રો શહેર પર બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો હતો. જેમાં સાત નાગરિકોનાં મોત થયા હતાં અને ૭૦થી વધુ લોકો ઘાયલ થયા હતાં. ડનિપોની પાસે આવેલા સમર શહેરમાં કરવામાં આવેલા હુમલામાં બે લોકોનાં મોત થયા હતાં અને ૯ લોકો ઘાયલ થયા હતાં. ડનિપોના મેયર બોરિસ ફિલાટોવે જણાવ્યું હતું કે આ હુમલામાં ૧૯ સ્કૂલ, ૧૦ કિંડરગાર્ડન, એક સંગીત વિદ્યાલય, એક સામાજિક સેવા કાર્યાલય અને આઠ મેડિકલ સેન્ટરને નુકસાન થયું છે. ચોથા વર્ષમાં પ્રવેશેલા રશિયા-યુક્રેન યુદ્ધમાં અનેક નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા છે. યુનાઈટેડ નેશન્સના જણાવ્યા અનુસાર યુદ્ધમાં ૧૨૦૦૦ યુક્રેનિયન નાગરિકોનાં મોત થયા છે. રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે રશિયન એર ડિફેન્સ ફોર્સિસે ૨૦ યુક્રેનિયન ડ્રોન તોડી પાડયા હતાં. એક ડ્રોન મોસ્કોની પાસે આવેલ ઈમારત પર પડતા ૧૭મા માળે આગ લાગી હતી. જેના કારણે એક યુવાન ઘાયલ થયો હતો. મોસ્કોના બે એરપોર્ટ પર સાવચેતીના ભાગરૂપે થોડાક સમય માટે એર ટ્રાફિક બંધ કરવામાં આવ્યું હતું.

### સ્પેસમાંથી શુભાંશુ શુક્લાનો પ્રથમ મેસેજ

# મારા ખભા પર મારો તિરંગો, જય હિંદ, જય ભારત

## આ મિશનનું સંચાલન ભારતના શુભાંશુ શુક્લા કરી રહ્યા છે : અવકાશમાં પહોંચતાની સાથે જ દેશ માટે સંદેશ મોકલ્યો

વોશિંગ્ટન, તા.૨૫

ભારતના શુભાંશુ શુક્લાએ કેનેડી સ્પેસ સેન્ટરથી એક્સિઓમ-૪ મિશન માટે ત્રણ અન્ય અવકાશયાત્રીઓ સાથે ઉડાન ભરી છે. આ મિશનનું સંચાલન ભારતના શુભાંશુ શુક્લા કરી રહ્યા છે. તેમણે અવકાશમાં પહોંચતાની સાથે જ દેશ માટે પહેલો સંદેશ મોકલ્યો હતો. શુભાંશુએ કહ્યું કે મારા ખભા પર મારો ત્રિરંગો છે. આખો દેશ મારી સાથે છે. અવકાશ મિશન પર જતા પહેલા તેમણે બધાનો આભાર માન્યો હતો.

અમેરિકાના ફ્લોરિડા સ્થિત નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી શરૂ થયેલા મિશનમાં ક્રૂ કંપનીના ફાલ્કન ૯ રોકેટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બધા અવકાશયાત્રીઓ નવા સ્પેસએક્સ ડ્રેગન અવકાશયાનમાં સવાર છે. અવકાશમાં પહોંચ્યા પછી શુભાંશુએ દેશ માટે પહેલો સંદેશ મોકલ્યો હતો.

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાએ કહ્યું હતું કે, "નમસ્કાર, મારા પ્રિય દેશવાસીઓ! આપણે ૪૧ વર્ષ પછી ફરી અવકાશમાં પહોંચ્યા છીએ. આ એક અદભૂત યાત્રા છે. આપણે પૃથ્વીની પરિક્રમા ૭.૫ કિલોમીટર પ્રતિ સેકન્ડની ઝડપે કરી રહ્યા છીએ. મારા ખભા પરનો મારો ત્રિરંગો મને કહે છે કે હું તમારી બધાની સાથે છું. મારી આ યાત્રા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) ની શરૂઆત નથી, આ ભારતના માનવ અવકાશ કાર્યક્રમની શરૂઆત છે. હું ઈચ્છું છું કે તમે બધા આ યાત્રાનો ભાગ બનો. તમારી છાતી પણ ગર્વથી ફૂલી જાય. ચાલો આપણે બધા સાથે મળીને ભારતના માનવ અવકાશ કાર્યક્રમની શરૂઆત કરીએ. જય હિંદ! જય ભારત!" એક્સિઓમ-૪ મિશન પર ગયેલા અવકાશયાત્રી શુભાંશુ શુક્લાના પરિવારમાં ખુશીનો માહોલ છે. પરિવારે કહ્યું હતું કે તેઓ તેમના પુત્રની સિદ્ધિ પર ગર્વ અનુભવે છે. શુભાંશુના સમગ્ર પરિવારે ખુશી વ્યક્ત કરી છે. પરિવારે કહ્યું કે તેમના કારણે આજે અમારી છાતી ગર્વથી ફૂલી ગઈ છે. આ અવકાશ મિશન માટે પરિવહન પૂરું પાડી રહેલા સ્પેસએક્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "બુધવારે અવકાશ મથક પર Axiom_Space ના Ax-4 મિશનના લોન્ચ માટે બધી સિસ્ટમો સારી દેખાઈ રહી છે અને હવામાન ઉડાન માટે ૯૦ ટકા અનુકૂળ દેખાઈ રહ્યું છે."

### સકારાત્મક પરિવર્તન માટે આદર્શ શિક્ષકોના 'સામૂહિક પ્રયાસ અને વ્યકિતગ પ્રતિબદ્ધતા'નું શ્રેષ્ઠ ઉદાહરણ

# અમરેલીના કેરિયાનાગસ ગામની શાળા આધુનિક સુવિધાઓથી સજ્જ

## શાળામાં ડિજિટલ સ્માર્ટ બોર્ડ થકી સ્માર્ટ લર્નિંગ, ડ્રોન અને રોબોટિક્સ તાલીમ, સીસીટીવી કેમેરા, અદ્યતન વિજ્ઞાન અને કોમ્પ્યુટર લેબ, વાંચન લાઈબ્રેરી સહિતની સુવિધાઓ


તસ્વીર : મધુસુદન ધડુક

આલેખન : ધર્મેશ વાળા

વર્ષ ૨૦૦૨-૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ' કાર્યક્રમ શરૂ કરાવ્યો હતો. છેલ્લા ૨૨ વર્ષોમાં રાજયમાં શિક્ષણક્ષેત્રે આમૂલ સુધારા આવ્યા છે. શિક્ષણક્ષેત્રે આ સતત સકારાત્મક પરિવર્તનની પરંપરા વેગવંતી બની છે. રાજય સરકારના સતત સકારાત્મક પ્રયત્નોથી પ્રાથમિક શાળામાં ડ્રોપ આઉટ રેશિયો સતત ઘટી રહ્યો છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં ડિજિટલી સ્માર્ટ કલાસરૂમ થકી 'સ્માર્ટ શિક્ષણ' પરૂ પાડવામાં આવી રહ્યું છે. સરકારી શાળાઓ હવે 'સ્માર્ટ સ્કૂલ' તરીકે ખ્યાતિ પામી રહી છે. સકારાત્મક પરિવર્તન માટે આદર્શ શિક્ષકોના સામૂહિક પ્રયાસ અને વ્યક્તિગત પ્રતિબદ્ધતાનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે અમરેલી તાલુકાના કેરિયાનાગસ ગામ સ્થિત સરકારી પ્રાથમિક શાળા! આ શાળામાં ધોરણ - ૫ થી ૮ ના બાળકોને ડિજિટલ સ્માર્ટ બોર્ડ થકી 'સ્માર્ટ લર્નિંગ' સાથે શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને ડ્રોન અને રોબોટિકસની તાલીમ અને કોમ્પ્યુટર લેબમાં કોમ્પ્યુટરની તાલીમ પણ આપવામાં આવે છે. સરકારી શાળામાં અદ્યતન વિજ્ઞાન લેબમાં બાળકો રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાનના અવનવા પ્રયોગો અને પ્રેકિટકલ થકી શિક્ષણ મેળવી રહ્યા છે. બાલવાટિકા, ધોરણ ૧ થી ૮ સુધીના બાળકોને સંસ્કાર સાથે શિષ્ટાચાર ઉપરાંત સર્વાંગીણ વિકાસલક્ષી શિક્ષણ પૂરૂં પાડીને આદર્શ શિક્ષકો ટીમવર્ક સાથે પાયાથી બાળકોના ઉમદા ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છે. આ સરકારી પ્રાથમિક શાળામાં બાળકોને વધુમાં વધુ વાંચનની આદત વિકસે તે માટે પુસ્તકાલયની સુવિધા પણ શાળામાં ઉપલબ્ધ છે. પ્રાથમિક શાળાના શિક્ષકોએ શિક્ષણ ક્રાંતિ માટે સમગ્રલક્ષી અભિગમ અપનાવ્યો છે. પ્રથમ શિક્ષણ સુધારણા અને ત્યારબાદ ભૌતિક સુવિધાના વિકાસની વિચારધારાના ઉમદા પરિણામ સ્વરૂપ રાજય સરકારના 'ગુણોત્સવ' કાર્યક્રમના રિપોર્ટ કાર્ડમાં કેરિયાનાગસ પ્રાથમિક શાળાએ છેલ્લા ૧૦ વર્ષથી સતત એ - વન ગ્રેડ હાંસલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ - ૨૦૨૩ માં કેરિયાનાગસ સરકારી પ્રાથમિક શાળા 'સ્કૂલ ઓફ એકસેલેન્સ' તરીકે પસંદગી પામી હતી, જે અંતર્ગત શાળાના જૂનાં બિલ્ડિંગનું રિનોવેશન સરકારી ગ્રાન્ટ અન્વયે કરવામાં આવ્યું હતુ. સરકારી શાળાના અદ્યતન બિલ્ડિંગમાં વાઈ - ફાઈ, સંપૂર્ણ ફાયર સેફટી, સેનિટેશન અને આર.ઓ. ફિલ્ટર વોટર, નયનરમ્ય બગીચા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. આ વર્ષની CET (કોમ્ન એન્ટ્રસ ટેસ્ટ) માં કેરિયાનાગસ પ્રાથમિક શાળાના ૧૭ બાળકો શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પસંદગી પામ્યા છે. 'જ્ઞાનસાધના' સ્કોલરશિપમાં પણ શાળાના બાળકોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. શિક્ષણલક્ષી દરેક સરકારી યોજનાઓનો લાભ પણ આ શાળાના વિદ્યાર્થીઓ મેળવી રહ્યા છે. શાળામાં ચેસ, કેરમ સહિતની ઈનડોર અને આઉટડોર રમત - ગમતની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. શાળાનું દરેક બાળક મધ્યાહન ભોજન કરી 'જેના અન્ન સાથે તેના મન સાથે'નો સંદેશ પહોંચાડે છે. કેરિયાનાગસ સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય રસિકભાઈ મહેતાએ જણાવ્યુ કે, અમારી શાળામાં દરેક પ્રકારના સકારાત્મક પરિવર્તન માટે અમે સતત પ્રયત્નશીલ રહીએ છીએ, શિક્ષકો વ્યક્તિગત રીતે શાળાના દરેક વિદ્યાર્થીઓ પર ધ્યાન આપે છે. આ શાળા અને શાળાના વિદ્યાર્થીઓની પ્રગતિ માટે શાળાના દરેક શિક્ષકઓ સતત પરિશ્રમ કરે છે. વર્ષ-૨૦૧૫માં શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૪૩ હતી, જે સતત વધતી રહી છે અને આજે હવે આ સંખ્યા ૩૭૫ છે. મહત્વની બાબત એ છે કે, આ સરકારી શાળામાં અમરેલી શહેરના ૬૫ બાળકો અહીં અભ્યાસ અર્થે આવે છે. વિદ્યાર્થીઓને શાળાએ આવવા અને ઘરે જવા માટે વાહનની સુવિધા પણ ઉપલબ્ધ છે. આ વર્ષે ૨૩મો શાળા પ્રવેશોત્સવ 'આવો બનાવીએ શાળા પ્રવેશોત્સવને સમાજોત્સવ' ની થીમ સાથે રાજયભરની ૧,૫૦૦ થી વધુ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ૫,૦૦૦ થી વધુ ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા ૩૧,૦૦૦ થી વધુ સરકારી પ્રાથમિક શાળાઓમાં યોજાશે.

### નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત

## ધારીના મોરઝર ખાતે પ્રાકૃતિક કૃષિ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

### ખેડુતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે એ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું




અમરેલી, તા. ૨૫

પ્રાકૃતિક કૃષિ એ ઉજ્જવળ ભવિષ્ય માટેનો માર્ગ છે. અમરેલી જિલ્લામાં આત્મા પ્રોજેકટ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અભિયાન અન્વયે સતત પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત ધારીના મોરઝર મુકામે પ્રાકૃતિક કૃષિ જનજાગૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામ્ય કક્ષાએ પરંપરાગત કૃષિ કરતાં ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે એ માટે ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. અમરેલી જિલ્લામાં આત્મા પ્રોજેકટના અધિકારીઓ દ્વારા સમયાંતરે ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોને ત્યાં મુલાકાત પણ કરવામાં આવે છે. આત્મા પ્રોજેકટ અંતર્ગત સમયાંતરે પ્રાકૃતિક ખેત તાલીમનું પણ આયોજન હાથ ધરવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ તાલીમના માધ્યમથી ખેડૂતો સાથે ખેતીલક્ષી વિગતોનું આદાન પ્રદાન પણ કરવામાં આવે છે. ધનજીવામૃતનું મહત્વ અને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિમાં ગાયના મહત્વ વિશે પણ આત્મા સ્ટાફ દ્વારા ખેડૂતો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવે છે. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિથી જમીનની ફળદ્રુપતામાં વધારો થાય છે. અમરેલી આત્મા પ્રોજેકટ દ્વારા સમયાંતરે પ્રાકૃતિક કૃષિ વિષયક સેમિનાર, સંવાદ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો સહિત મહિલા ખેડૂતો પણ જોડાઈને માર્ગદર્શન પ્રાપ્ત કરે છે.

## અમરેલી જિલ્લા કલેકટર તરીકે પદભાર સંભાળતા વિકલ્પ ભારદ્વાજ

અમરેલી, તા. ૨૫

વિકલ્પ ભારદ્વાજે અમરેલી જિલ્લા કલેકટર તરીકે પદભાર સંભાળ્યો છે. વિકલ્પ ભારદ્વાજ એ વર્ષ-૨૦૧૭ની બેચના આઈ.એ.એસ. છે.

આ અગાઉ તેમણે જામનગર ખાતે જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવી તેમની સેવાઓ પુરી પાડી હતી. વિકલ્પ ભારદ્વાજ એ મુળ ઉતર પ્રદેશના વતની છે. તેમણે દિલ્હી આઈ.આઈ.ટી. ખાતેથી બી. ટેક. નો અભ્યાસ કર્યો છે. આ ઉપરાંત તેમણે એમ.એ (પબ્લિક એડમિન)ની પદવી હાંસલ કરી છે.

અમરેલી જિલ્લા કલેકટર તરીકે પદભાર સંભાળ્યા બાદ તેમણે જિલ્લાની સર્વાંગીય વિકાસને આગળ ધપાવવાની નેમ વ્યકત કરી હતી.

## અમરેલી : ઇન્ટરનશનલ યોગા ડેની ક્રિએટિવ યોગા ગ્રુપના બહેનો દ્વારા વિશિષ્ઠ ઉજવણી



અમરેલી, તા. ૨૫

અમરેલી ઈન્ટરનશનલ યોગા ડે નિમિત્તે સમર્થ વ્યાયામ મંદિરમાં ક્રિએટિવ યોગા ગ્રુપના બહેનો દ્વારા વિશિષ્ઠ ઉજવણી કરાઈ. એક પૃથ્વી એક સ્વાસ્થ્યના થીમ સાથે આ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો અને પારૂલબેન ગાંધી, મમતાબેન મહેતા, સંગીતાબેન જીવાણી તથા માધવીબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ યોગા નૃત્ય, વિવિધ યોગ સ્પર્ધા અને આસનો નિદર્શિત કરવામાં આવ્યા હતા. બહેનોએ શારીરિક અને માનસિક આરોગ્ય જાળવી રાખવા નિયમિત યોગ કરવાના શપથ લીધા હતા. વર્ષોથી સમર્થ વ્યાયામ મંદિર (અખાડા)માં બહેનોના યોગા વર્ગ ચાલી રહ્યા છે જેમને સંસ્થા સંચાલકો અને ટ્રસ્ટી મંડળનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. વ્યાયામ મંદિરમાં ક્રિએટિવ યોગા ગ્રુપના બહેનો દ્વારા સાંજે ૪ થી ૬ નિઃશુલ્ક યોગા પ્રશિક્ષણ નિયમિત રીતે આપવામાં આવે છે જેની કોઈ ફી લેવામાં આવતી નથી.

## નકલી સાઈટ પરથી મળતાં મેસેજ સાવચેત રહો : RTO

અમરેલી, તા. ૨૫

વાહન ચાલકોને સોશિયલ મિડિયા (વ્હોટસ એપ)ના માધ્યમથી વાહનને લગતું આરટીઓનું ચલણ મોકલવામાં આવતું નથી. આવી કોઈ ઘટના બને તો તે તદ્દન ફેક (નકલી) હોય છે. તે આરટીઓને લગતી બાબત નથી.

વાહન ચાલકોને લાગુ પડતી ન હોય તેવી આ નકલી સાઈડ-લિંક ઓપન કરતાની સાથે બેંન્ક ટ્રાન્ઝેકશન થકી બેંન્ક ખાતામાંથી બધા જ રૂપિયા ઉપડી જાય છે. સોશિયલ મિડિયાના માધ્યમથી આવતી કોઈ પણ પ્રકારની RTO કે E-Challanને લગતી APK Unknown file Open ન કરવી. વાહન વ્યવહાર કચેરી ધ્વારા આવા કોઈ પણ પ્રકારના ચલણ સોશિયલ મિડિયા (વ્હોટસ એપ અને અન્ય) માધ્યમથી મોકલવામાં આવતા નથી. RTO કે E-Challanને લગતી APK Unknown file Open ન કરવા નાગરિકોને જાગૃત અને સાવચેત રહેવા અમરેલી જિલ્લા પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ધ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ છે.

### રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગત

## જીથુડી, તરઘરી, લુણીધાર અને માયાપાદર ગામના ખેડુતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરિત કરાયા

### પ્રાકૃતિક કૃષિના મુખ્ય પાંચ આયામો અને પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોના વેચાણ-માર્કેટ વિશે અવગત થતા ખેડુતો



અમરેલી, તા. ૨૫

કુંકાવાવ તાલુકાના જીથુડી, લુણીધાર, તરઘરી અને માયાપાદર ગામના ખેડુતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય પ્રાકૃતિક મિશન અંતર્ગત આયોજિત આ તાલીમમાં ખેડુતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામ એવા જીવામૃત, બીજામૃત, ધન જીવામૃત, આચ્છાદન અને વાપ્સા વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ખેડુતોને પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોનું વેચાણ-માર્કેટિંગ વિશે પણ વ્યાપક સમજ આપવામાં આવી હતી.

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના એગ્રી આસિસ્ટન્ટ જનક ચાવડા, માસ્ટર ટ્રેનર વૈશાલી ચાવડા અને માર્કેટ પ્લાનર ધ્રુવ દેસાઈ ધ્વારા ખેડુતોને પ્રાકૃતિક કૃષિ સંદર્ભે જરૂરી માર્ગદર્શન કરવામાં આવ્યું હતું.

અમરેલી આત્મા પ્રોજેકટના માર્ગદર્શન અને સંકલન હેઠળ કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સને આ તાલીમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

## અમરેલી જિલ્લાની આઈટીઆઈમાં રજાના દિવસે પણ કામગીરી શરૂ રહેશે

અમરેલી, તા. ૨૫

આઈ.ટી.આઈ. પ્રવેશસત્ર ૨૦૨૫ અંતર્ગત ઉમેદવારો માટે ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૦/૬/૨૦૨૫ સુધી છે. તા. ૨૮ અને તા. ૨૯ જુન ૨૦૨૫ના રોજ શનિ-રવિ આવતા હોય રજાના દિવસે પણ અમરેલી જિલ્લાની તમામ ૧૨ આઈ.ટી.આઈ સંસ્થાઓ કાર્યરત રહેશે અને કામગીરી શરૂ રહેશે. સંસ્થાઓ ખાતે ઉમેદવારોને વિનામુલ્યે ફોર્મ ભરીઆપવામાં આવશે.

આઈ.ટી.આઈમાં એસ.સી., એસ.ટી., મહિલાઓ, દિવ્યાંગ તાલીમાર્થીઓ અને એકસ આર્મી મેનને વિનામુલ્યે તાલીમ આપવામાં આવે છે. દરેક વિદ્યાર્થીઓને માસિક રૂ.૫૦૦ શિષ્યવૃતિનો લાભ દુરથી આવતા તાલીમાર્થીઓ માટે બસ ટ્રાન્સપોર્ટની સુવિધા રોજગારી તેમજ સ્વરોજગારી માટે બેંકેબલ લોન સબસિડી યોજનાનો લાભ, મહિલા તાલીમાર્થીઓને વિદ્યાસાધના સહાય યોજના હેઠળ સાયકલ સહાયનો લાભ સહિતના લાભો મળવાપાત્ર છે. તેમ અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્ય એ એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી : 'મીસાવાસી' અને ઇફ્કોના ચેરમેન દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને 'સંવિધાન હત્યા દિવસ' અંતર્ગત સ્મરણ કાર્યક્રમ સંપન્ન










૨૫ જૂન, ૧૯૭૫ના રોજ દેશમાં તત્કાલિન સરકાર દ્વારા લગાવવામાં આવેલી કટોકટીના ૫૦ વર્ષની પૂર્ણતાના અવસરે અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં 'સંવિધાન હત્યા દિવસ–૨૦૨૫' અંતર્ગત સ્મરણ કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી સ્થિત મેડિકલ કોલેજના સભાગૃહમાં 'મીસાવાસી' અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં મીસાવાસની સ્મરણાંજલિ રૂપે તેમનું અને મીસાવાસી રામજીભાઈ કાપડિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યુ કે, વર્ષ ૧૯૭૫માં તત્કાલીન વડાપ્રધાન દ્વારા લાદવામાં આવેલી કટોકટી દરમિયાન હું વિદ્યાર્થીઓનું નેતૃત્વ કરતો હતો. આ કાયદાના વિરોધમાં અમરેલીમાં આશરે ૫,૦૦ વિદ્યાર્થીઓની રેલીનું નેતૃત્વ કર્યુ હતું. કટોકટીનો વિરોધ કરવા બદલ રાજયમાં તત્કાલીન સરકાર બદલતા મને અને રામજીભાઈને વિદ્યાર્થીઓના જનરલ સેક્રેટરી હોવાના કારણે રાતોરાત પકડી લેવામાં આવ્યા હતા.' કટોકટીની વેદનાઓને યાદ કરતા તેમણે ઉમેર્યુ કે, 'આ કાયદાનો વિરોધ કરવા બદલ અમારી ધરપકડ કરી અમને સાબરમતી જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. જેલમાં સારૂ ભોજન–કપડાં અને અન્ય કોઈ જરૂરી વસ્તુ આપવામાં આવતી નહોતી. આ દરમિયાન અમરેલીના કેટલાક સાથીઓના જેલમાં જ અવસાન થઈ ગયા હતા. જેલવાસ દરમિયાન શરણાગતિ સ્વીકારૂ તો છોડી મૂકવાના પ્રલોભનો આપવામાં આવ્યા હતા છતાં મેં અન્ય મીસાવાસીઓની જેમ યાતનાઓ વેઠી પણ વૈચારિક શરણાગતિ ન સ્વીકારી અને કટોકટીનો વિરોધ કરવાનું ઉચિત્ત માન્યુ હતુ.' કાર્યક્રમના પ્રારંભે સ્થાનિક લીગલ એક્સપર્ટ તરીકે ગૌતમભાઈ ગેડિયાએ કટોકટીની તારીખ વર્ણવી હતી અને બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ આંબેડકરે આપેલા સંવિધાનનું કટોકટી દરમિયાન કેવી રીતે હનન થયું તેની વિસ્તૃત વિગતો આપી હતી. કટોકટીકાળની તારીખને વર્ણવતું ફોટોગ્રાફી પ્રદર્શન પણ મેડિકલ કોલેજના સભાગૃહ પરિસરમાં યોજાયું હતું અને સંવિધાન જાગૃત્તિ રેલીને મહાનુભાવોએ પ્રસ્થાન કરાવ્યું હતું. ગાંધીનગરથી આયોજિત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ આ કાર્યક્રમમાં સૌએ નિહાળ્યું હતું. ત્યારબાદ સંવિધાનના મહવને સમજાવતી શોર્ટ ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલ, અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકિયા, અમર ડેરી ચેરમેન અનિભાઈ સાવલિયા, અગ્રણી મેહુલભાઈ ધોરાજીયા, મયૂરભાઈ માંજરિયા, ભાવનાબેન ગોંડલિયા, વિજયભાઈ ચોટલીયા, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મયોગીઓ, શહેરના નાગરિકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રકાશ જોષીએ કર્યુ હતુ. કાર્યક્રમની આભાર વિધિ પ્રાંત યુવા વિકાસ અધિકારી અશરફ કુરેશીએ કરી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## લીલીયામોટા પંથકની ગ્રામ પંચાયતોની

મામલતદાર બળદેવ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. જેમાં સલડી ગ્રામ પંચાયત સરપંચ પદે રમેશભાઈ વલ્લભભાઈ મકવાણા ૧૧૭૩ મત મેળવી હરીફ ઉમેદવાર સામે ૬૧૪ મતથી વિજેતા જાહેર થયા હતા. જયારે ટીંબડી ગ્રામપંચાયત સરપંચ પદે બાબુભાઈ ડાવરા ૨૧૧ મત મેળવી હરી ઉમેદવાર થી ૩૭ મતથી વિજેતા જાહેર થયેલ. જયારે પુતળીયા ગ્રામ પંચાયત સરપંચ પદે જસુબેન મૂળજીભાઈ સારીખડા ને ૩૬૫ મત મેળવેલ હરીફ ઉમેદવાર સામે ૩૪ મતથી વિજેતા થયેલ ત્યારે નાના કણકોટ સરપંચની ચૂંટણીમાં સરપંચ પદે સંજયભાઈ મનજીભાઈ બાબરીયા ૨૫૧ મત મેળવી હરીફ ઉમેદવાર સામે વિજેતા જાહેર થયેલ ચૂંટણી પરિણામ જાહેર થતાં કાર્યકરો ટેકેદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળેલ વિજેતા થયેલ ઉમેદવારોને મો મીઠા કરાવી સમર્થકો દ્વારા ખુશી વ્યક્ત કરવામાં આવેલ. મતગણતરી શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થયેલ મામલતદાર બલદેવભાઈ પટેલ, નાયબ મામલતદાર વિપુલભાઈ મહેતા, એ.કે પરમાર સહિતના અધિકારીગણ હાજર રહેલ જયારે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. આઈ.જે.ગીડા દ્વારા ચુસ્ત પોલીસ તેમજ હોમગાર્ડ નો બંદોબસ્ત ગોઠવવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાની સ્થાનિક ચૂંટણીનાં

બનેલ ઉપર અભિનંદન વર્ષા થઈ રહી છે.

**અમરેલી તાલુકો :** આંકડીયા મનીષાબેન મહેન્દ્રભાઈ, કેરીયાચાડ ચંદુભાઈ કાળુભાઈ ધાધલ, ખડખંભાળી પ્રતાપભાઈ આલેગભાઈ, નવા કણબી વિપુલભાઈ, રંગપુર ગભરૂભાઈ નનુભાઈ, લાપાળીયા ગીરીશભાઈ રવજીભાઈ.

**બાબરા તાલુકો :** નડાળા હિતેષભાઈ રવજીભાઈ, પાનસરા છગનભાઈ રવજીભાઈ, ફુલઝર કાશીબેન ખોડાભાઈ, રાણપર પરેશભાઈ, વાવડા બાબુભાઈ ઝવેરભાઈ, વાવડી ભીમજીભાઈ કેશુભાઈ.

**ધારી તાલુકો :** કરમદડી પારૂલબેન લાલાજીભાઈ, ખીચા રંજનબેન રવુભાઈ, ગીગાસણ મંજુલાબેન મેઘજીભાઈ, ઝર દિલવારભાઈ નાનુભાઈ, ઝરપરા મગનભાઈ મુળાભાઈ, ઢોલરવા દયાબેન અમરૂભાઈ, દલખાણીયા ગીતાબેન હસમુખભાઈ, ફતેગઢ ગૌરીબેન અરવિંદભાઈ, રાજસ્થળી પરશોતમભાઈ, સમઢીયાળા નરેશભાઈ બાલુભાઈ, હીરાવા અંબાબેન ભિખુભાઈ.

**જાફરાબાદ તાલુકો :** ધોળાદ્રી જરીબેન ભાયાભાઈ, છેલણા લાલજીભાઈ જાદવભાઈ, લોઠપુર હિમબાઈબેન, શિયાળબેટ હમીરભાઈ નગાભાઈ.

**ખાંભા તાલુકો :** પંચપચીયા સોનબેન બાલુભાઈ, આંબલીયા દેવુબેન ભવાનભાઈ, કંટાળ । ધારા અખુભાઈ પરમાર, ચક્રાવા લાખુબેન ભરતભાઈ ભુવા, દડલી જમિયતબેન નનુભાઈ, બોરાળા ગીતાબેન દેવરાજભાઈ, વાંકિયા ગોકળ ભાઈ રચનાભાઈ, સાળવા મહેન્દ્રભાઈ પ્રેમજીભાઈ.

**કુંકાવાવ તાલુકો :** ખિજડીયા અશોકભાઈ કાળાભાઈ, દડવા રાંદલ મંજુલાબેન, દેવળકી સંજયકુમાર કાનજીભાઈ, ભુખલી જોષ્નાબેન, માયાપાદર રવીભાઈ સામંતભાઈ.

**લાઠી તાલુકો :** કાચરડી ઘનશ્યામભાઈ, દહીંથરા જયાબેન બાબુભાઈ, નારાયણ નગર રમેશભાઈ કેશુભાઈ, ભીંગરાડ રેખાબેન દલપતભાઈ, મેથળી મકવાણા રમીલાબેન, હાવતડ મધુબેન રઘુભાઈ ડાંગર.

**લીલીયા તાલુકો :** ટીંબડી બાલુભાઈ, પુતળીયા જસુબન મુળ જીભાઈ, સલડી રમેશભાઈ વલ્લભભાઈ.

**રાજુલા તાલુકો :** કાતર શારદાબેન મુકેશભાઈ, દેવકા લક્ષ્મીબેન નાગભાઈ, બર્બટાણા ઉષાબેન કનુભાઈ, મસુંદડા અરડુ હાદાભાઈ, વિકટર પરિતાબેન મહેશભાઈ.

**સાવરકુંડલા તાલુકો :** ઘનશ્યામ નગર રસીલાબેન રવજીભાઈ, થોરડી વિપુલભાઈ બાબુભાઈ, ધાર હંસાબેન હસમુખભાઈ, નાળ મહેશભાઈ હરસુરભાઈ, ભુવા રેખાબેન પ્રવીણભાઈ, વિરડી લાભુબેન ગણેશભાઈ, સિમરણ શૈલેષ મધુભાઈ

## અવસાન નોંધ

**બાબરા :** બાબરા નિવાસી સ્વ. વિનોદભાઈ રતિલાલ ભટ્ટનાં પુત્ર કુલદીપભાઈ વિનોદભાઈ ભટ્ટ (ઉ.વ. ૪૩) એડવોકેટ તે કેદાર ભટ્ટ અને રૂત્વા ભટ્ટનાં પિતાશ્રી તેમજ કનુભાઈ ભટ્ટ (રાજકોટ), પ્રદિપભાઈ ભટ્ટ (જેતપુર)ના ભત્રીજા તથા કમલેશભાઈ ભટ્ટ, મનિષભાઈ શાસ્ત્રી (અમરેલી)નાં નાના ભાઈનું તા. ૨૫/૬/૨૫, બુધવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતનું બેસણું તા. ૨૮/૬/૨૫ શનિવારનાં રોજ બાબરા મુકામે ગાયત્રી મંદિર ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## ગારિયાધાર–સોમનાથ રૂટની બસનાં

પીધેલી હાલતમાં હોય જેથી મામલો બગસરા એસ.ટી. ડેપો પૂછપરછમાં પહોંચ્યો ત્યાં માથાકૂટ કરતા ત્યાં બેઠેલ ટીસીએ કંડકટરની ટિકિટ બાબતે પૂછયું તેમણે ટિકિટનો ચાર્ટ કાઢી બતાવ્યો તેમાં તે પેસેન્જરની કાપીને ટિકિટ પણ આપેલી હતી પરંતુ ખોટી રીતે કંડકટર તથા અંદર બેઠેલા પેસેન્જરને ખોટી કરી અને હેરાન કરતા હતા. ત્યારે ના છૂટકે બગસરા પોલીસને જાણ કરવામાં આવી હતી અને તાત્કાલિક ધોરણે ત્યાં પોલીસ આવી પહોંચી હતી અને તે દારૂ પીધેલ પેસેન્જરને બસ સ્ટેન્ડમાંથી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ કંડકટર તથા બસમાં બેઠેલ મુસાફરોએ હાશકારો અનુભવીઓ હતો.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં પીજીવીસીએલ અઠવાડીયામાં

ઉદ્યોગ તેમજ ઉદ્યોગનગરમાં આવેલા જુદા જુદા નાના મોટા ઉદ્યોગોને ગંભીર અસર પહોંચે તેવી શકયતા છે.

હાલમાં ચોમાસુ ચાલી રહ્યું હોય, અને ચોમાસામાં પીજીવીસીએલ દ્વારા હયાત હેવી વીજ લાઈનનું રીપેરીંગ કામ પણ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે અમરેલી શહેરમાં સીટી એક ફીડર નીચે આવતા શહેરના તમામ મુખ્ય વિસ્તારોમાં અગાઉ ગુઢવારે વીજ કાપ હતો તેના બદલે હવે ગુરૂવાર અને રવિવારે પણ વીજ કાપ ઝીંકવામાં આવેલ છે. છતાં પણ આજે બુધવારે લાઈટ બંધ કરતાં લોકોએ ગરમીમાં શેકાવું પડશે.

એટલું જ નહીં પણ શહેરના સૌથી મોટા હીરા ઉદ્યોગ અને ઉદ્યોગનગરમાં આવેલા જુદા જુદા ઉદ્યોગોને અઠવાડિયામાં બે દિવસ વીજ પ્રવાહ બંધ રહેવાના કારણે ગંભીર અસર પહોંચે છે. ત્યારે આજે પાવર બંધ થવાના કારણે હીરાના કારખાનેદારો, ઉદ્યોગકારોમાં ભારે રોષ છે. રત્ન કલાકારોએ પણ બે દિવસ ફરજિયાત રજા રાખવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. તેમાં બુધવારે પણ લાઈટ બંધ રહેતા તેમને મળતા આર્થિક વળતરમાં પણ કાપ આવી શકે છે.

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં થોરડી ગામનાં

૬ વર્ષના ગુલસિંહ આજનાર નામના બાળકને મોંમાં દબાવી નાશી ગયો હતો.

આ ઘટનાની જાણ વાડી ખેતરમાં કામ કરતાં શ્રમિકોને થતાં સિંહ પાછળ દોડી અને બાળકને સિંહના મોંમાંથી છોડાવવા પ્રયાસો કર્યા પણ સિંહ બાળક સાથે નાશી છુટતાં વનવિભાગને જાણ કરવામાં આવી હતી.

વનવિભાગ તથા સ્થાનિક લોકોએ બાળકની શોધખોળ હાથ ધરતાં લગભગ ૫૦૦ મીટર દૂર આ બાળકની માત્ર ખોપડી અને અવશેષ હાથ લાગ્યા હતાં. આવા અવશેષોને પોટલું વાળી સાવરકુંડલા દવાખાને લઈ જવામાં આવ્યા હતાં. આ બનાવ અંગે સિંહ દ્વારા માનવ મૃત્યુની ઘટનાનો વનવિભાગના અધિકારી દ્વારા સ્વીકાર કરવામાં આવેલ છે અને નરભક્ષી બનેલા સિંહને પકડવા માટે થઈ તેમને ટ્રાન્ગ્યુલાઈજ કરી પાંજરે પૂરવાની કવાયત શરૂ કરવામાં આવેલ હતી.

આ બનાવમાં છેલ્લે મળતી વિગત મુજબ આ નરભક્ષી બનેલા સિંહને પકડવા માટે થઈ સિંહને ટ્રાન્ગ્યુલાઈજ કરી પાંજરે પુરવામાં વનવિભાગને સફળતા મળ્યાનું પણ જાણવા મળેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જિણી | ૧૦૨૫ | ૧૧૨૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૧૨૫ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૫૧ | ૨૧૬૦ |
| ૬ | તલ કાળા | ૨૪૪૦ | ૩૧૭૦ |
| ૭ | જીરૂ | ૩૦૦૦ | ૩૨૫૦ |
| ૮ | કપાસ | ૧૪૫૦ | ૧૫૮૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૦ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૫૯૫ |
| ૧૨ | જુવાર | ૬૩૬ | ૮૦૦ |
| ૧૩ | મકાઈ | ૫૩૫ | – |
| ૧૪ | મગ | ૧૧૩૫ | ૧૪૨૦ |
| ૧૫ | ચણા | ૧૦૮૦ | ૧૧૨૫ |
| ૧૬ | તુવેર | ૧૦૨૫ | ૧૧૭૫ |
| ૧૭ | એરંડી | ૧૨૦૦ | – |
| ૧૮ | ધાણા | ૯૦૦ | – |
| ૧૯ | સોયાબીન | ૬૫૦ | ૭૯૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં ગાધકડા ગામની

પેનલ લડાવવામાં આવી હતી. જેમાં કોંગ્રેસ પેરિત પેનલનો વિજય થયેલ છે. ત્યારે ગાધકડા ગામના જીતુભાઈ કાછડિયા સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે કાર્યરત હોય. પરંતુ તેમના ગામમાં આ પ્રમુખનો જાદુ ચાલી શકેલ નથી. અને ગાધકડા ગામ લોકો દ્વારા તેમના એકહથ્થુ સાશન અને કરેલ કામગીરીથી નારાજ થઈને લોકોએ તેમનું મન માનાવી અને પ્રમુખની પેનલને પરાસ્ત કરી અને પરાજીત કરેલ છે.

ત્યારે સાવરકુંડલા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ નરેશભાઈ દેવાણી દ્વારા વિજેતા પેનલને હાર્દિક શુભકામન પાઠવે છે. અને આવનરા દિવસોમાં ગાધકડા ગામનો સર્વાંગી વિકાસ અને લોકોના કામો કરવામાં આવે તેવી શુભેચ્છા સાથે ગાધકડા ગામજનો/મતદારોનો પણ આભાર વ્યકત કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ધારીનાં મીઠાપુર ડુંગરી ગામેથી

હોવાની બાતમીના આધારે પુરવઠા તંત્રએ તપાસ કરતા ત્યાંથી ઘઉં અને ચોખાનો રૂપિયા ૭.૨૨ લાખનો જથ્થો ઝડપાતા ધારી મામલતદાર દ્વારા આ જથ્થાને સિઝ કરી દેવાયો આવ્યો હતો.

આ બનાવમાં મળતી વિગત મુજબ ધારીના પ્રાંત અધિકારી હર્ષવધન જાડેજાને બાતમી મળેલ કે વિસાવદર ગામના અકરમ હુસેનભાઈ મોદી નામના ઈસમે રેશનિંગના અનાજનો જથ્થો મિઠાપુર ડુંગરી ગામે છુપાવ્યો હોવાની બાતમી મળતા ધારીના મામલતદાર સંજયસિંહ ગોહીલ, નાયબ મામલતદાર (પુરવઠા) એમ.એ. શેખ તથા રેવન્યુ તલાટી લલીત ખુમાણ દ્વારા ધારી તાલુકાના મિઠાપુર ડુંગરી ખાતે ચલાલા–બગસરા રોડ પાસે આવેલ ખોડીયાર ટ્રેડિંગ નામના એક ગોડાઉન પર તપાસ હાથ ધરવામાં આવી હતી. જયાંથી સરકારી વ્યાજબી ભાવની દુકાન પરથી ગરીબ લોકોના હક્કનો રેશનિંગનો જથ્થો વિતરણ થતો હોય તે ઘઉંના કટ્ટા નંગ ૬૨ તથા ચોખાના કટ્ટા નંગ ૧૪૪ મળી આવ્યા હતા.

આ બનાવમાં ઘઉં કિલો ૩૦૯૦ કિંમત ૮૩,૪૩૦ તથા ચોખા ૯૯૭૦ કિલો કિંમત ૩,૮૮,૮૩૦ તેમજ એક કેરી વાહન (રીક્ષા) જેની અંદાજીત કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦ મળી કુલ ૭,૨૨,૨૬૦નો મુદ્દામાલ સીઝ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હજુ થોડા સમય પહેલા ખાંભા પંથકમાં પણ અલગ અલગ ત્રણ સ્થળોએથી મામલતદાર દ્વારા આ રીતે વ્યાજબી ભાવની દુકાનનો જથ્થો ઝડપી લીધો હતો.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૪૦ | ૧૬૬૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૪૦ |
| ૩ | મગફળી | ૧૦૧૫ | ૧૦૭૫ |
| ૪ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૨૫ | ૨૦૬૫ |
| ૬ | તલ કાળા | ૨૫૭૦ | ૩૧૦૦ |
| ૭ | ચણા | ૧૦૩૦ | ૧૧૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૬૬ |
| ૨ | ઘઉં લોકવન | ૩૮૫ | ૪૯૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૧૧ |
| ૪ | જુવાર | ૪૦૦ | ૭૫૦ |
| ૫ | ચણા | ૯૫૫ | ૧૦૬૫ |
| ૬ | ધાણા | ૧૦૦૫ | ૧૨૭૦ |
| ૭ | શીંગફાડા | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૮ | મગફળી | ૮૭૦ | ૯૫૦ |
| ૯ | તલ સફેદ | ૧૨૪૫ | ૨૨૦૫ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૭૯૦ |
| ૧૧ | મગ | ૧૦૦૦ | ૧૩૬૦ |
| ૧૨ | તુવેર | ૧૨૨૦ | ૧૩૩૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૧૪ | તલ કાળા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરાની મામલતદાર કચેરીનાં

રિષી રૂપારેલીયા સાથે મામલતદાર કચેરીના કલાર્કએ દાદાગીરી કરી અને તોછડાઈભર્યું વર્તન કરતા મામલો મુખ્યમંત્રી સુધી ફરિયાદ પહોચ્યો છે. બાબરાના યુવા એડવોકેટએ તા. ૨૭/૪/૨૦૨૫ના રોજ બાબરા મામલતદાર ઓફીસમાં તેમના અસીલ વરૂણભાઈ લવજીભાઈ લાખાણીના નામે બાબરા તાલુકાના મોજે ઊંટવડ ગામે આવેલ ખેતીની જમીનના ઠરાવ– હુકમો મેળવવા અરજ કરેલ હતી ત્યારબાદ એડવોકેટ રૂપારેલીયાએ સદર અરજ બાબતે અરજ કાર્યના પંદર દિવસ પછી સદરહુ અરજ લાગત કાગળો મેળવવા મામલતદાર ઓફીસ ગયેલા અને ત્યાં કલાર્ક પાસે ગયેલ અને તેમની અરજ બાબતે પૂછપરછ કરેલ ત્યારે કલાર્ક દ્વારા એવો જવાબ આપવામાં આવેલ કે હમણાં મારી પાસે સમય નથી જયારે થશે ત્યારે આપીશ તેવો ઉડાઉ જવાબ આપેલ.

ત્યારબાદ ફરી અરજ કર્યાના એક મહિના પછી ફરીવાર એડવોકેટએ કરેલ અરજ સંદર્ભે મામલતદાર ઓફીસ ક્લાર્ક પાસે ગયેલ અને ફરીવાર અરજ સંદર્ભે પૂછપરછ કરેલ અને વિનંતી કરેલ કે સદરહુ અરજને લગતા હુકમ અમારે અમારા અસીલને રેવન્યું કામ માટે આપવાના છે થઈ ગયા હોયતો આપો તો ક્લાર્ક દ્વારા એવું કહેવામાં આવેલ કે હમણાં મારી પાસે સમય નથી પછી આવજો એવું તોછડાઈ ભર્યું વર્તન કરેલ.

ત્યારબાદ તા. ૨૦/૬/૨૫ ના રોજ ફરીવાર અરજ કાર્યના ૫૩ દિવસ પછી એડવોકેટ બપોર પછી અંદાજે ૪ કલાકે મામલતદાર ઓફીસ ગયેલા અને ક્લાર્કને અરજ સંદર્ભે પૂછપરછ કરેલ અને કહેલ કે ૫૩ દિવસ જેવો સમય થઈ ગયો છે હવે મહેરબાની કરીને મને મારી અરજ મુજબના કાગળો આપો એવી વિનંતી સહ રજૂઆત કરેલ. અને ક્લાર્કને એવું પણ પુછેલ કે અગર તમને જો સરળતા રહેતી હોય અને સમયસર આપી શકતા હોય તો હવેથી આર.ટી.આઈ.થી માગું કેમ કે અરજ કાર્યને ૫૩ દિવસ થઈ ગયા છે અને હજુ અમોને અરજ લગત કાગળો મળ્યા નથી. એવી રજૂઆત કરતા ક્લાર્કએ મોટો થપ્પો બતાવેલ અને કહેલ કે જો આ બધી આર.ટી.આઈ. જ છે અને હું આર.ટી.આઈ. કરે એને પણ સમયસર આપતો નથી બરોબર એટલે હવે તમને નકલ આપવની નથી દોડવા માંડો અને જે કરવું હોય એ કરવા માંડો એવી ધમકી આપી તોછડાઈ ભર્યું વર્તન કરેલ છે. ત્યારબાદ એડવોકેટએ તેમને કહેલ કે હું એક એડવોકેટ છું તમો મારી સાથે આવી રીતે તોછડાઈભર્યું વર્તન કેમ કરો છો મેં તમને વિનંતીથી રજુઆત કરેલ છે અને તમો શા માટે મારી સાથે ગેરવર્તન કરો છો..? તો એમના તરફથી એવો જવાબ આપેલ તમારે જે કરવું હોય એ કરો દોડવા માંડો નકલ નહિ મળે તમે જે હોય એ મને કઈ ફેર નથી પડતો.

વધુમાં બાબરા મામલતદાર ઓફિસમાં ફરજ બજાવતા ક્લાર્કને જો કોઈ ટેબલ નીચેથી કામ આપે તો તમામ કામ તાત્કાલિક કરી આપે છે અને એડવોકેટ દ્વારા આપેલ અરજને ૫૩ દિવસ જેવો સમય થઈ ગયેલ હોવા છતાં આ અરજ સંદર્ભે કોઈ જ કામગીરી કરેલ નથી. મામલતદાર ઓફિસના આ નિંભર કમર્ચારીઓને કોઈ કામકાજ કરવામાં રસ નથી ફકત પૈસાથી વહીવટ કરવામાં રસ છે તેવું જણાઈ રહ્યું છે. અને હાલતો મામલતદાર ઓફીમાં બેફામ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે અને પૈસા વગર કોઈ કામ કરતુ નથી જેની પણ ફરિયાદ કરેલ છે. અને મામલતદાર ઓફીના કર્મચારીઓ ચાલુ ફરજ દરમિયાન પણ દારૂ પીધેલ હાલતમાં જોવા મળે છે. અને સાંજ પડે ને મામલતદાર ઓફિસમાં દારૂની મહેફીલો પણ જામે છે એવી ચર્ચાઓ થઈ રહી છે.

મામલતદાર ઓફીના કલાર્ક કુલદીપ હાડાએ એડવોકેટ સાથે ગેરવર્તન બદલ એડવોકેટ કલાર્ક વિરૂધ્ધ મુખ્યમંત્રી, સચિવ, કલેકટર, પ્રાંતઅધિકારી, મામલતદારને ફરજ મોકૂફ કરવા ફરિયાદ કરેલ છે અને વધુમાં બાબરા મામલતદાર ઓફિસમાં ફરજ બજાવતા ક્લાર્કને જો કોઈ ટેબલ નીચેથી કામ આપે તો તાત્કાલિક કરી આપે છે. હાલતો મામલતદાર ઓફિસમાં પેધી ગયેલ કર્મચારીઓને સસ્પેન્ડ કરે તો તાલુકાની જનતાના કામો વહીવટ વગર થઈ શકે તેમ છે અને જનતા હેરાન થતી બચી શકે તેમ છે. હાલ તો ૫૩ દિવસ થયા છતાં અરજનો નિકાલ કરેલ નથી તો આમ જનતાના પ્રશ્નને તો કયાંથી ન્યાય મળે.

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં. ૩૯/૨૦૨૫

**અરજદાર :** શ્રી મજીદ મહમદરફીકભાઈ લાખાણી
સરનામું : રહે. ભગા તળાવ કાજીવાડ પાસે, હકીક શેરી, ભાવનગર
તા./જી. ભાવનગર

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી,
નગરપાલિકા કચેરી, મુ.અમરેલી, તા./ જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં **મજીદ મહમદરફીકભાઈ લાખાણી** તેમના પુત્રશ્રી **આલમ મજીદ લખાણીનો જન્મ (તા.૨૪/૧૦/૨૦૨૨)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૯–૦૬–૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

(જી.જી.બાવીસા)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી શહેર




## જયાં અમરેલી જિલ્લાનાં હજારો કાર્યકર્તાઓ અને આગેવાનો પ્રચારમાં હતા તેવી

# વિસાવદરની કાલસારી જિલ્લા પંચાયત બેઠકમાં ભાજપને વ્યાપક નુકસાન

**સરપંચથી લઈને સાંસદ અને પક્ષનાં મહત્વનાં હોદ્દેદારોએ કરેલી મહેનત ઉપર થયું પાણીઢોળ**

**જિલ્લા પંચાયતનાં અનેક સદસ્યો પણ પ્રચાર કાર્યમાં જોડાયા હતા**

**મતદારોને ભાજપનાં આગેવાનો વિકાસની વાત ગળે ઉતારી ન શકયા**

**વિસાવદર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને પરાજય મળતા તેના ઘેરા પ્રત્યાઘાતો અમરેલી જિલ્લામાં પડયા**



અમરેલી, તા. ૨૫

વિસાવદર-ભેંસાણ વિધાનસભાની પેટા ચૂંટણીમાં સત્તાધારી પક્ષ ભાજપની શામ, દામ, દંડ અને ભેદની કોઈ રીતરસમ કામ ન આવી અને એક ૩૫ વર્ષનાં ''આપ''નાં ઉમેદવાર ગોપાલ ઈટાલીયાએ સરકારની વિશાળ તાકતને મતદારોને સહારે જમીન દોસ્ત કરીને ઐતિહાસિક વિજય મેળવતાં તેમની સીધી અસર અમરેલી જિલ્લાનાં રાજકારણમાં જોવા મળી રહી છે.

અમરેલી જિલ્લાનાં અનેક સરપંચો, તાલુકા અને જિલ્લા પંચાયતનાં સદસ્યો, પદાધિકારીઓ, ધારાસભ્યો, સાંસદ અને પક્ષનાં હોદેદારોને વિસાવદર વિધાનસભાની કાલસારી બેઠક ઉપર ભાજપને જંગી બહુમતી અપાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી અને ભાજપનાં તમામ આગેવાનો દિવસ-રાત ત્યાં પ્રચારકાર્યમાં વ્યસ્ત હતા.

પરંતુ, જયારે પરિણામ જાહેર થયુ તો ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી. જેમાં કાલસારી જિલ્લા પંચાયત બેઠકનાં ગામોમાંથી ભાજપને માત્ર ૬૩૦૮ અને ''આપ''ને ૧૦૬૯૭ જેટલા મત મળતાં ભાજપને ૪૩૮૯ મતનું નુકસાન થતાં જિલ્લાનાં ભાજપનાં અનેક આગેવાનો તેમની સરકાર ધ્વારા ખેડૂતો, યુવાનો, મહિલાઓ, વેપારીઓ માટે થયેલ વિકાસ કાર્યોની વાત મતદારોને ગળે ઉતારવામાં નિષ્ફળ સાબિત થતાં અમરેલી જિલ્લા ભાજપનાં નારાજ જુથનાં આગેવાનો મુછમાં હસતા જોવા મળી રહ્યા છે.

''આપ''નાં યુવા ઉમેદવાર ગોપાલ ઈટાલીયાની ચૂંટણીની રણનીતિ અમરેલી જિલ્લાનાં ભાજપ આગેવાનોની રણનીતિ સામે સફળ રહી અને એક યુવા ચહેરો જિલ્લાનાં દિગ્ગજ નેતાઓ સામે વધારે ચમકતો જોવા મળ્યો હતો.

### હેવી વીજ લાઈનનું રીપેરીંગ શરૂ કરવાનુ હોય

# અમરેલીમાં અઠવાડીયામાં રવિ અને ગુરૂવારે વીજ કાપ છતાં પણ બુધવાર પુરવઠો બંધ

**હીરા બજાર, ઉદ્યોગનગર સહિતનાં વિસ્તારમાં નારાજગી**

અમરેલી, તા. ૨૫

ઉદ્યોગિક રીતે પછાત એવા અમરેલીમાં અગાઉ દર ગુરૂવારે વીજ કાપ ઝીંકવામાં આવતો હતો. જેના કારણે હીરા બજાર, ઉદ્યોગનગર સહિતના વિસ્તારોમાં દર ગુરૂવારે રજા રાખવામાં આવે છે. પરંતુ હવે અમરેલી શહેરના મોટા ભાગના વિસ્તારમાં સવારથી બપોર સુધી ગુરૂવાર ઉપરાંત રવિવારે પણ વીજકાપ રાખવામાં આવે છે. ત્યારે આજે બુધવારે પણ પીજીવીસીએલ દ્વારા વીજ પુરવઠો બંધ કરવામાં આવતાં લોકોમાં રોષ ઉભો થવા પામેલ છે.

આ અંગે અમરેલી પીજીવીસીએલ દ્વારા ગઈકાલે ઓચિંતી જાહેરાત કરવામાં આવતાં અને તેના કારણે અમરેલીમાં સૌથી મોટા હીરા

અનુસંધાન પાના ૬ ઉપર

### સરપંચપદે હરિફ ઉમેદવાર વિજેતા

# સાવરકુંડલાનાં બાઢડામાં પૂર્વ ધારાસભ્યની પેનલ પરાજિત

**૧૦ સદસ્યમાંથી માત્ર ૪માં વિજય**

અમરેલી, તા. ૨૫

સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ વીરાણીની પેનલનાં સરપંચ અને સદસ્ય પદનાં ઉમેદવારોને સત્તા સુધી પહોંચવામાં નિષ્ફળતા મળી છે.

વિગત એવી છે કે, બાઢડા ગામનાં સરપંચને ૧૦ માંથી ગ્રામ પંચાયતની ૯ બેઠક ઉપર પૂર્વ ધારાસભ્યએ ઉમેદવાર મેદાનમાં ઉતારતાં તેમાંથી ૫ સદસ્ય અને સરપંચપદનાં ઉમેદવરનો હરિફ ઉમેદવાર સામે પરાજય થતાં ચકચાર મચી છે અને આર્થિક નુકસાન થયાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

# સલડી, પુતળીયા, ટીબડી, નાના કણકોટ સહિત લીલીયામોટા પંથકની ગ્રામ પંચાયતોની ચુંટણીનાં પરિણામો જાહેર થયા

**વિજયી થયેલા સરપંચ પર અભિનંદનવર્ષા**



લીલીયા, તા. ૨૫

લીલીયા ખારાપાટ વિસ્તારના સલડી, પૂતળીયા, ટીંબડી ગ્રામ પંચાયતો ની સામાન્ય ચૂંટણી અને નાના કણકોટ ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી યોજાઈ ગયેલ જેની મતગણતરી લીલીયા મામલતદાર કચેરીના મીટીંગ હોલ ખાતે

અનુસંધાન પાના ૬ ઉપર

### ગરીબોનાં હક્ક-હિસ્સાનું અનાજ ઝડપાતા ચકચાર

# ધારીનાં મીઠાપુર ડુંગરી ગામેથી રૂપિયા ૭.૨૨ લાખનો અનાજનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

**મામલતદારે શંકાસ્પદ જથ્થાને સીઝ કરી દીધો**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં છાશવારે ગરીબ લોકોના હક્કનો રેશનિંગનો જથ્થો બારોબાર વેચાય જતો હોય. ત્યારે ગઈકાલે ધારી તાલુકાના મીઠાપુર ડુંગરી ગામે એક ગોડાઉનમાં વ્યાજબી ભાવની દુકાનમાં જરૂરિયાતમંદ લોકોને આપવાનો રેશનિંગના અનાજનો જથ્થો

અનુસંધાન પાના ૬ ઉપર

### ભાજપનાં તાલુકા પંચાયતનાં પ્રમુખનાં ગામ

# સાવરકુંડલાનાં ગાધકડા ગામની પંચાયત ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને મળી સફળતા

**ભાજપનાં આગેવાનો મત મેળવવામાં નિષ્ફળ**

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા તાલુકાનાં ગાધકડા ગામની તાજેતરમાં ગ્રામ પંચાયતની ચુંટણીમાં સાવરકુંડલા તાલુકા પંચાયતનાં પ્રમુખ દ્વારા તેમની પેરિત

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)